૨૯૮૨

! હસાહસ. !

ભાગ ૧ લો.

પ્રગટ કરનાર.

પુરૂષોત્તમ કાહાનજી ગાંધી.

'સુબોધ પ્રકાશ' 'માસિક સાર સંગ્રહ' અને 'કવિતા વિલાસ' ના એડિટર અને માલિક; 'મિત્રતા વિષે [illegible]' 'સ્વદેશાભિમાન' 'કંજુસનાં કરમની કહાણીઓ' વગેરેના રચનાર; 'કાવ્ય-કૌસ્તુભ' 'સ્વાભાવિક ધર્મ' 'દલપત સતશાહી' અને 'ચતુરસિંહ પ્રવાસ' વગેરેના પ્રગટ કરનાર.

લીંબડી—કાઠિયાવાડ.

સંવત ૧૯૪૩—ઈ. સ. ૧૮૮૬

કિંમત સાડાછ આના.

"કૉપીરાઇટ" લીધો છે.

અમદાવાદ—આર્યોદય પ્રેસ.

મેહેરબાન સાહેબ.

ત્રિભુવનદાસ મોતીચંદ શાહ.

આસિસ્ટંટ સરજન, મેડીકલ ઑફિસર જુનાગઢ સ્ટેટ, અને "શારીર અને વૈદક શાસ્ત્ર" તથા "માને શિખામણ"ના રચનાર

સાહેબ,

આપ મારા તરફ ઘણી મમતા દર્શાવો છો, ગુજરાતી ભાષામાં નુતન ગ્રંથોની વૃદ્ધિ થયેલી જોવાને ઉત્સુક છો, ગ્રંથ કર્ત્તાઓના પરિશ્રમના અનુભવી છો, અને સૌરાષ્ટ્ર ભૂમિના પંકાતા પુરૂષોમાં આપ પણ ઉંચો દરજ્જો ધરાવોછો, ઇત્યાદિ ઇત્યાદિ કારણોથી પ્રસન્ન થઇને આ નાનકડું પણ રમૂજી પુસ્તક આપને અર્પણ કરૂંછું;

હું પુરૂષોત્તમ.

પ્રસ્તાવના.

આ પુસ્તકમાં શું હશે તે તેના નામ ઉપરથીજ સમજાશે. ગમે તે વખતે આ પુસ્તક વાંચવાથી તમને ઘણી ગમ્મત પડશે, અને તમારી ચિંતા દૂર થઇ જશે. હસવાથી ઘણા રોગ મટી જાયછે, તેમજ થતા રોગથી દૂર રહેવાયછે, એમ પ્રખ્યાત વૈદ્યો કહેતા આવ્યાછે, તે વાસ્તવિક છે. હાસ્યને લગતાં પુસ્તકો પ્રજામાં માનીતાં થઇ પડેછે. અને દરેક માણસ તેને ઉમળકાથી ભેટે છે એ વાત અજાણી નથી. "હુસાહુસ" નું પુસ્તક વાંચવાથી તમને શાંતી મળશે, તેમજ શોકનો બોજો ઘટી જશે. ખડખડાટ હસવાની સાથે કેટલાક ફકરાથી ગંભીર બોધ પણ મળી શકશે. આવા ટુચકાઓ કાંઇ એક વખતે બનતા નથી. જુદે જુદે કાળે જુદા જુદા દેશમાં બનેલી વાતો લોકોમાં ચાલતી આવેછે, અને કેટલીક કલ્પિત પણ બનાવેલી હોયછે, તેવી વાતોનો સામટો સંગ્રહ હોય તો તેથી લોકોને ઘણી સગવડ થઈ પડે એવા વિચારથી આ પુસ્તક છપાવવામાં આવ્યું છે. એમાં મોટો આધાર ઇંગ્રેજી પુસ્તકોનો લીધો છે. ભાષાંતર કરવામાં મિ૦ જમનાદાસ મનોરદાસ ગાંધી તથા મિ૦ ભાઈચંદ કાહાનજી ગાંધી તરફથી મને મદદ મળેલી છે.

જેઓના દિવસ દુઃખમાં જતા હોય તેઓને આ પુ-
...ષધરૂપ છે, તેમજ સુખી લોકોને પણ આ પુસ્ત-
...ઉપયોગી નથી—જે ઘડી આનંદમાં જાય તેજ
માણસના સબંધમાં અમારી સલાહ એછે કે
એ.—

વળગાડીને ફરવું જોઈએ !!!

૨૯૮૨

!!! હસાહસ !!!

ભાગ ૧ લો.

"આનંદ એજ મારૂં ઔષધ છે." (સેનીકા)

"આનંદી અંતઃકરણ વૈદ્યની રોજી ટાળેછે." (વરજીલ)

૧ હુસાહસની વાનગી !

(૧) દાંતનો એક વૈદ જે એકવાર તળાવમાં ડુબી જતો હતો, તેને મહા મહેનતે એક મજૂરે બચાવ્યો. પછી વૈદે તેનો અંતઃકરણથી ઉપકાર માન્યો, અને મોટે સાદે કહ્યું- "અરે ભલા અને બહાદુર પુરૂષ, તારી મહાભારત મેહનતનો બદલો હું શી રીતે વળું? અત્યારે ને અત્યારે તું મારે ત્યાં ચાલ. હું તારો દરેક દાંત પાડી દઇશ, અને તેને માટે એક રાતી પાઈ સરખી પણ નહીં લઉં !!!" બચીત ઘણોજ ઉત્તમ બદલો ! દાકતર તરફ ઉપકાર કરવાને હવે કોણ પાછાત પડશે ?

---

૨ ઘોડો ખરીદ કરશો કે બાઇડી ?

(૨) ઘોડો ખરીદ કરતાં બેમાલુમ રીતે બાઇડી ખરીદાય છે, અને ઘોડાનો ભાવ પૃછતાં બાઇડીનો ભાવ સમજાય છે, એ જાણીને બચીત તમને અજાયબી લાગશે !

મિ૦ જોર્જ જીરડ કે જે ફીલાડેલ્ફીઆનો રહીશ અને કેપટાઉનમાં અમેરિકા તરફથી કોન્સલ નિમાયો હતો, તે પોતાના અનુભવની વાત પોતાના વતનના એક પત્રમાં નીચે મુજબ લખી ગયો છે.

"સ્ત્રી શી રીતે મેળવવી એ વિષે ત્યાંના ખેડૂતોમાં એક નવાઇ જેવી રીતભાત છે. જો તમારે કોઇ સ્ત્રી સાથે પરણવાની ઇચ્છા હોય તો તપાસ કરવી જોઇએ કે તે સ્ત્રીને ઘોડો છે કે નહીં? જો હોય તો તે વેચવાનો છે કે નહીં તે વિષે પણ ખબર મેળવવી. જો તે સ્ત્રી કહે કે "ના, એ વેચવાનો નથી." તો તમારે એકદમ તે ઘર છોડી ચાલ્યા જવું. પણ જો તે કહે કે "વેચવાનો છે" તો જાણવું કે તે તમને ચાહે છે. પણ તે સ્ત્રી પોતાના ઘોડાની કિંમત ઘણી કરશે. જો કહેલી કિંમત તમે ત્યાંજ આપો તો તમારૂં તે સ્ત્રી સાથે લગ્નનું ચોકહું નક્કીજ થઇ ગયું એમ માની લેવું."

"હું જ્યારે કેપટાઉનમાં પહેલો વહેલો આવ્યો ત્યારે આ ચાલથી તદન અજાણ્યો હતો. મારે ખરેખર એક ઘોડો ખરીદવો હતો, તેથી તે વિષે મેં પૂછપાછ કરી, એટલે એક ડચ રહેવાશીએ મને કહ્યું કે—"વર્ટફ્રેઝેલ નામની એક વિધવા પાસે વેચાઉ ઘોડો છે." એટલે હું તેનું ઘર શોધતો શોધતો ગયો, અને તેના ઘર આગળ જઈ પૂછ્યું કે 'તમારે ઘોડો વેચવો છે?' થોડીવાર સુધી તે સ્ત્રી મારા સામું ટગર ટગર જોઇ રહી. પછી મને પૂછ્યું કે "તમારે માટે

કોઇની તરફનો ભલામણ પત્ર છે?" મેં જવાબ દીધો કે "હું અમેરિકન કોન્સલ છું. અને તમારા ઘોડાના પૈસા રોકડા આપવાનો છું, એટલે ભલામણ પત્રની કશી જરૂર નથી." તેણે કહ્યું- "રૂપિઆની બાબત તો ભલાગણ પત્રની જરૂર નથી, પણ-" મેં ઘોડાની વાજબી કિંમત પૂછી, અને તરત તેણે કહી તે પ્રમાણે મેં રૂપિઆ ગણી આપ્યા. પછી વર્ટફ્રેલે મારો ઘણોજ ઉપકાર માન્યો, અને મને જોઇને તેને ઘણોજ સંતોષ થયો હોય, તેમ તેણે બતાવ્યું, અને બુંદના કાવાનો એક પ્યાલો મને આપ્યો, જે મેં મોટી ખુશીથી પીધો. હવે હું મારા મકાન તરફ આવવાને તૈયાર થયો. એટલે તેનો ચાકર ઘોડો દોરીને મારી સાથે ચાલવા લાગ્યો.

રસ્તે ચાલતાં તે ચાકરે મને અજાયબ કરી નાખે એવા ઘણા સવાલો પૂછવા માંડયા.

ચાકરઃ—" શેઠ સાહેબ, તમે મારી શેઠાણીને ત્યાં રેહેવા આવશો ? કે મારી શેઠાણી તમારા બંગલામાં રહેવા આવશે ?!"

મને કાંઈ ગમ પડી નહીં કે આ શું બકે છે? વળી—

ચાકરઃ—"શેઠ, તમે મારી શેઠાણીપર સારી પેઠે મમતા રાખજો. બાઇનો સ્વભાવ તમને ગમી જાય તેવો માયાળુ છે. પોતાના આગલા ધણીતરફ તેઓ ઘણીજ મમતા રાખતા હતા."

મેં ધાર્યું કે—ચાકર દીવાનો છે કે શું ? મારી જાણ

ણે બલા રાત કે ઘોડો ખરીદ કરતાં બાઇડી ગળે વળગતી હશે? તે વાત આગળ લંબાવવા—

ચાકર—" શેઠ લગ્ન ક્યા કરશો? આ શેહેરમાંજ કરો તો સારૂં કે તેમનાં સગાં વહાલા જોઈને ખુશી તો થાય! અને સાહેબ, આપ પણ બડા ભાગ્યશાળી કે મારી શેઠાણીએ આપને કબૂલ રાખ્યા!"

મારા મનને હવે ખાતરી થઇ કે—ગજા ઉપરાંત દારૂ ઠાંસીને ચાકર છાકટો બન્યો છે, અને એની ખુમારીમાં ગાંડું ગાંડું બોલે છે, એટલે તેનો જવાબ આપવાની મેં જરૂર જોઇ નહીં.

જ્યારે હું ઘેર આવ્યો ત્યારે ઘણા લોકો, ઘોડા માટે નહીં, પણ તે વિધવા સાથે થયેલી ઓળખાણ માટે મને મુબારકબાદી આપવા ભેગા થયા. એક જણે કહ્યું–" ખરે ખરે, તમે પૂરા ભાગ્યશાળી" બીજાએ ટેકો આપ્યો–' તે વિના આવો જોગ ક્યાંથી બને?" ત્રિજાએ કહ્યું–"તે સ્ત્રી પૈસાદાર છે." ચોથાએ કહ્યું–" કોન્સલ સાહેબને રળવાની પંચાત મટી; ખાઈ પીને મોજ મારશે," પાંચમાએ કહયું–" ચાલો આપણને જમવાનું મળશે." આ સાંભળીને હું તો છક્કડજ થઇ ગયો, કે આ બધા ભેળા થઈને શું મારો રકાશ કરવા માગે છે? ઘોડાના મૂળતત્વની આપણને જરા પણ ખબર નહીં, એટલે હું શો જવાબ આપું ? એટલામાં તે સ્ત્રી બણીઠણીને મારા મકાનપર આવી. અને સૌના દેખતાં મારે પગે પડી. એટલે મારી અજાયબીનો પાર ર-

શો નહીં. મને શંકા ઉત્પન્ન થઈ કે આ બનાવ વાસ્તવિક નહીં હોય. સ્વપ્નાવસ્થાનો આ ખેલ હશે. અથવા કાં તો હું ઘેલો થયો છું, અને કાં તો આ સઘળા ઘેલા બન્યા છે! આવા તર્ક વિતર્કમાં હું ઘેરાએલો હતો, તેવામાં તે સ્ત્રીએ હસીને મને પૂછયું કે—' લગ્ન કરવાની ક્યારે ઈચ્છા છે? હું ધારૂં છું કે તાકીદથી કામ ઉકેલી લઇએ તો ઠીક. પછી જેવી તમારી મરજી. હરેક પ્રકારે તમારા મનને આનંદ આપવાને હું ચૂકીશ નહીં. એ તમે ખાતરીથી માનજો. તમારાપર હું કુરબાન છું!"

પછી જે ફાંસામાં હું ફસાઇ ગયો હતો, તેની મને ખબર પડી. મને માલમ પડયું કે નિમાજ કરતાં મસીદ કોટે વળગી ગઈ છે! ઘોડો ખરીદ કરતાં આ ઘોડા સરખી બાઈડી સાથે લગ્ન કરવાની અજાણપણે મારાથી કબૂલાત આપીવા સરખું બની ગયું છે! પણ હું તેને શું કરૂં? એક પર બીજી કયા લાવું? વખતે લાવું તો ખરો, પણ આ નવી સ્ત્રીના નવા નવા રીત રીવાજોની મને ખબર નથી, એટલે વળી કોઈ વાતમાં ઓડનુ ચોડ થઈ જાય. તેથી મેં તે સ્ત્રીને ખુલ્લી રીતે જણાવ્યું કે, "મારે તમારી પાસેથી જે કાંઇ જોઇતું હતું, તે ઘોડો હતો; પણ નહીં કે સ્ત્રી!"

વર્ટફ્રેઝેલ:— મારા સરખી એક માયાળુ અને ખુલ્લા દિલની સ્ત્રી સાથે શું તમે આ પ્રમાણે વર્ત્તવા માગો છો? મને કબૂલ કરીને હવે તમે શું નાકબૂલ થાઓ છો? તમારે

માટે હું ઘણી દીલગીર થઉં છું. જો તમે મને કબૂલ ન રાખો તો તમને ઘોડો વેચાતો આપવાની મારી મરજી નથી, એમ કહીને તે બાપડી ચાલી ગઈ.

થોડીવાર થઇ એટલામાં તેનો ચાકર રૂપિઆ લેઇને મારી પાસે ખડો થયો, અને કિંમત પાછી આપીને ઘોડો પાછો લઇ ગયો!

આવી રીતે હુ તે સ્ત્રીના પંજામાંથી છુટયો, તેથી ઇશ્વરનો પાડ માનવા લાગ્યો; અને તે દિવસથી ઘોડો ખરીદવાની વાત વિસરીજ ગયો!

થોડાં અઠવાડીઆં પછી આ બિધવા સ્ત્રી કોઇ એક કૃપણને ઘોડો આપી તેની સાથે પરણી ગઈ !!

---

૩ પાદરી બાવા--પારકી પંચાતમાં !

(૩) સેંટપીટર્સબર્ગનું એક દેવળ એક પાદરીના કબજામાં હતું. તે પાદરી ઘણોજ દોલતમંદ હતો, અને જે લોકો તેના મુલાકાતે આવતા તેઓ તેની દોલત અથવા ઉત્તમ સલાહનો લાભ લીધા વગર કદી ખસતા નહીં !

એક દિવસે તે પાદરી સેહેજ બીમારીથી બીછાનાપર પડયો હતો, તેવામાં તેની પાસે એક સ્ત્રી આવી, અને તે કાલાવાલા કરીને કહેવા લાગી કે "મારો ભરથાર એક સોનો છે, તેના ધંધામાં તે ઘણો ચાલાક ગણાય છે, અને અમારા બન્નેનું આબરૂ ભરેલી રીતે તે પોષણ કરી શકે છે, પણ દૈવ જાણે તે શા કારણથી મારાપર ઘણો જુલમ ગુજારે છે!

પાદરી:-બાઇ, હું ઘણો દીલગીર છું કે મારી માંદગી-થી તમારે ઘેર મારાથી આવાઇ શકાતું નથી, પણ જાઓ તમારા ભરથારને આંહી તેડી લાવો. હું તમને સલાહ કરાવી આપું.

પેલી ઓરત બોલી કે-અરે તેને આંહી લાવવો એ કાંઇ સહેલું નથી. તેના કળવામાં આવી જાય કે તમે આ કારણ માટે બોલાવો છો, તો તે કદી આવનાર નથી. પણ જો તેને એમ કહીશું કે કાંઇ સોદો કરવા પાદરી બાવા બોલાવે છે, તો તે એકદમ આંહી દોડયો આવશે.

પાદરી:-બાઇ, એ વિચાર તમને ઠીક સૂઝ્યો. હું એક રૂપાનો સટ વેચાતો લેનારજ છું. તે સ્ત્રીએ કહ્યું-" "મારા ભરથારે હમણાંજ એક ખુબસુરત સટ બનાવ્યો છે. ચાલો સારૂં થયું. વાત બરાબર મળતી આવી. સટ ખરીદવાની વાત સાંભળી તે વગર ઢીલે આવી લાગશે.

બીજે દિવસે પેલી સ્ત્રી, એક સોનીને લઇને પાદરી આગળ આવી ઉભી રહી. પાદરી મનમાં અચંબો પામ્યો કે-આ સ્ત્રી શું કરવા પોતાના ભરથારની સાથે આવી હશે? પેલા સોનીએ પાદરીને નમસ્કાર કર્યો, અને કહ્યું કે મેહેરબાન સાહેબ, આપે જે દાગીના મંગાવ્યા હતા, તે લાવ્યો છું.

પાદરી- ઠીક છે સાહેબ, પણ જરા મેહેરબાની કરી પાસેના ઓરડામાં ચાલો તો. મારે તમને કાંઇક વાત કહેવી છે. પછી જ્યારે તેઓ બન્ને ત્યાં એકાંતે ગયા, ત્યારે પાદ-

રીએ ઘણાજ અસરકારક શબ્દોમાં, લગ્નની ગાંઠ કેટલી પવિત્ર છે, તે બાબત બોધ દેવા માંડયો!

સોનીએ ગભરાઈને વચમાં બોલવાની તજવીજ કરી, પણ પાદરીએ કહ્યું કે—વચમાં ન બોલો. હું શું કહું છું તે છેવટ સુધી સાંભળ્યા કરો, બોધ પૂરો કરી રહ્યા પછી પાદરી બોલ્યો કે— ભાઇ આવી ચાલ ચલણનું તારે કારણ શું? મારા મિત્ર, તું આવા સારા ને મીઠા સ્વભાવનો દેખાય છે, પણ ભરથાર દાખલ કેમ બૂરી ચાલ ચલાવેછે?

"સાહેબ. મને એક બોલ બોલવા દો હું—" આગળ બોલતા સોનીના મોઢાપર હાથ મૂકીને પાદરીએ વાત આગળ ચલાવી— "તું શું બોલવા જાય છેં, તે હું સમજું છું. કોઈ વખત તારો મિજાજ જતો હશે, પણ એટલા માટે તારે કાલ આપેલી ઓરતને મારવી એ—"

"પાદરી સાહેબ, તમે સજ્જડ ભૂલો છો" સોની એકદમ બોલી ઉઠયો.

"શું તું ના પાડશે?"

"હા, સાહેબ, ખાતરીથી. કારણ કે હજી હું કોઇવાર પરણ્યોજ નથી!!!

"અરે રાખ, રાખ, શું તું મારી મશ્કરી કરવાને હિંમત ધરાવે છે? તારી ઓરતને તું સાથેજ લાવ્યો છું, અને તે પાસેના ઓરડામાં ઉભી છે, એમછતાં તું ઇનકાર જાય છે કે "હું કદી પરણ્યોજ નથી!"

"કોણ મારી ઓરત! પાદરી સાહેબ, આ તમે શું બોલો છો? હું નહીં પણ કદાચ તમે મારી મશ્કરી કરતા હશો, કેમકે મારે ઓરતજ નથી! પાસેના ઓરડામાં ઉભેલી ઓરત તો તમારા ઘરની દાસી છે. તે આજ સવારે મારે ત્યાં આવીને કહેવા લાગી કે– મારા શેઠને રૂપાનો બાભડાદાર પટ જોઇએ છીએ. માલ સારો હશે તો મોં માગ્યું મૂલ મળશે. એટલે હું તે લઇને તેની સાથે તમારે ત્યાં આવ્યો!

પાદરીઃ—તે કાંઇ મારી દાસી નથી. ઓરત ઘેલી છે કે શું?

સોની—અરે એ રખે ચોર હશે. પછી તેઓ તરત પાસેના ઓરડામાં દોડયા. અને જુએ છે તો ત્યાં કોઇ હતું નહીં. પેલી લુચ્ચી સ્ત્રી રૂપાના દાગીના લઇ ચાંથી અગિઆરા ગણી ગઇ હતી પોલીસે ફાંફાં તો ઘણાં માર્યા, પણ તે સર્વે ફોકટ.

પાદરીના આજ્ઞાથી જૂદા ઓરડામાં જતાં સોનીએ તે દાગીના પેલી સ્ત્રીને ઘરની દાસી જાણી સોંપ્યા હતા, અને પાદરીએ તે ઓરતને સોનીની સ્ત્રી જાણીને તેની પાસે રહેવા દીધા, એ બાબતનો વાધો જો અદાલતમાં જાય તો તેનો ચુકાદો કરવો ઘણો મુશ્કેલ પડત—પણ પાદરી પૈસાદાર હતો, અને સોની ગરીબ હતો. તેથી સઘળી ખોટ બાપડા પાદરીએજ ખમી. "ધરમ કરતાં ધાડ તે આ.

નું નામ કે ?" પાદરી પછી પારકી પંચાત ભૂલીજ ગયો !

૪ ક્ષેમ--કુશળના સમાચાર !

(૪) **નસરૂદ્દીનઃ**—કેમ ભાઇ કેમ છે ? આપણા દેશમાંથી તમે અત્રે ક્યારે આવ્યા ? ભાઈ મારે ઘેર તો સૌ હેમ ખેમ છેને ?

ફકરૂદ્દીનઃ—જી, હા, કાલેજ આવ્યો. આપને ત્યાં સૌ હેમખેમ છે!

નઃ—બીજી કાંઇ નવા જૂની હોય તો બોલ ભાઇ?

ફુઃ—બીજી નવા જુનીમાં તો કાંઈ દમ નથી. પણ તમારી બિચારી મેના મરણ પામી.

નઃ—અરેરે ! બાપડી શાથી મરી ગઇ?

ફુઃ—સાહેબ, મેનાએ બહુ ખાધું, અને તેની કોઇએ દવા કરી નહીં.

નઃ—એટલું બધું તે શું ખાધું કે અચાનક મૃત્યુ થયું!

ફુઃ—સાહેબ, તેના ખાવામાં ઘોડાનું માંસ આવ્યું.

નઃ—ઘોડાનું માંસ! ઘોડાનું માંસ ક્યાંથી?

ફુઃ—સાહેબ, તમારા બાપના ઘોડા!

નઃ—તે શું એકાદ મરી ગયો કે ? શાથી મરી ગયો?

ફુ:--હારે સાહેબ, ગયા અઠવાડીઆમાં પાંચ ઘોડા ઘણીજ રખડ પડી તેથી મરી ગયા.

ન:--શાની રખડ?

ફુ:--સાહેબ, આગ લાગી હતી તે ઓલવવા સારૂ પાણી લાવતાં તે બિચારાઓના જીવ ગયા.

ન:—આગ! આગ શાની?

ફુ:—સાહેબના ઘરમાં થોડા દહાડાપર આગ લાગી હતી, તેથી તમારૂં ઘર સઘળું બળીનેભુસ્મ થઇ ગયું!

ન:—અરે ખોદા! મારા ઘરમાં આગ લાગી, તેની મને ખબર પણ નથી. બોલભાઈ, આગ શી રીતે લાગી?

ફુ:—બધા એવું કહે છે કે, બળતી મસાલોથી લાગી.

ન:—મસાલ! મસાલ શાની?

ફુ:—તમારી માની પાયદસ્ત સારૂ જે મસાલો સળગાવી હતી, તેથી સાહેબ.

ન:--શું મારી મા ગુજરી ગયાં? અરે હાય હાય!!

ફુ:--હાજી, તમારી મા ગુજરી ગયાં!

ન:—મારા બાપ તરફથી તમે કાંઇ પત્ર મારા તરફ લાવ્યા છો?

ફુ:----સાહેબ, શી વાત કહું, પેલી ખરાબ ખબર સાંભળ્યા પછી બે કલાકે તમારા બાવા ગુજરી ગયા!

ન:—ઓ મારા બાપરે! બોલ ભાઇ બીજું કાંઇ?

ફુ:—બાકી તો સર્વે કુશળ છે! પણ એટલુંજ છે કે

તમારા બાપાની પેઢી ભાંગી, અને એમાંથી હવે એક રાતી પાઈ પણ તમને પાછો મળે તેમ લાગતું નથી!

નઃ—અરે નખોદ જાય રે! તારૂં, આવા હેમખેમના સમાચાર કહેનારાનું !!

---

૫ બાલકીરફ—રૂશિઅન મશ્કરો.

(૫) રૂશિઆના શેહનશાહ પીટર ધી ગ્રેટની દરબારમાં બાલકીરફ નામે એક મશ્કરો હતો. તે એટલો તો હાજર જવાબી અને સમય સૂચકતા ધરાવનાર હતો કે, તરેહવાર હિકમતથી તે વારંવાર પોતાને તથા બીજાઓને શેહેનશાહના ઇતરાજીમાંથી બચાવી લેતો હતો.

બાલકીરફનો એક પિત્રાઈ એકવાર શેહેનશાહની ઇતરાજીમાં આવી જવાથી તેને ગરદન મારવાનો હુકમ થયો તેને માટે શેહેનશાહને સમજાવવાને બીજે દિવસે બાલકીરફ શેહેનશાહ આગળ આવ્યો. તેને જોતાજ શેહેનશાહ પીટર તેની મતલબ સમજી ગયો. તેથી તેણે તેને જણાવ્યું કે તારી મહેનત ફોકટ છે હું કસમ ખાઇને કહું છું કે, તું હમણાં મને જે અરજ કરશે, તે હું બહાલ રાખીશ નહીં.

બાલકીરફે જોયું કે, શેહેનશાહે કસમ લીધા છે, એટલે તે પોતાનો બોલ પાળશેજ. પણ તે ગભરાયો નહીં. તેણે જુક્તિથી પોતાની અરજને જૂદોજ આકાર આપ્યો.

શેહેનશાહને પગે પડીને તે બોલ્યો- નામદાર પીટર, મારે એટલીજ અરજ કરવી છે કે, તમે કોઇ પણ રીતે મારા પિત્રાઇને મારી નાંખો!

આ મશ્કરાની અરજ નામંજુર રાખવાને પીટરે સમ ખાધેલા હોવાથી, તેને પોતાનો બોલ પાળવો પડયો, એટલે તેણે બાલકીરફના સગાને માફી બક્ષી.

એકવાર બાલકીરફ પોતે શેહેનશાહની ઇતરાજીમાં આવી ગયો હતો. તેણે મશ્કરી કરતાં કરતાં છેક હદબહાર જઈ પીટરને ગુસ્સો ઉપજે એટલી છુટ લીધી. એથી શેહેનશાહે ચીડાઇ જઇ તેને દેશનીકાલની સજા ફરમાવી, અને તેમ કરતાં તે બોલ્યો—રૂશિઆની જમીનપર તું હવે કદી પણ પગ મેલીશ નહીં.

એ હુકમ થયા પછી બાલકીરફ રૂશિયા છોડી ગયેલો જણાયો. પણ થોડા દિવસ પછી શેહેનશાહ પોતાના મહેલની બારીએ ઉભો રહી જુએ છે તો પોતાનો મશ્કરો નચિંત દેખાવે એક માટીથી ભરેલું ગાડું હાંકી રસ્તેથી પસાર થાય છે. શેહેનશાહ ચેતી ગયો કે, વળી કાંઇ નવો ઢોંગ લઈ આવ્યો છે. પણ ગુસ્સે થવાનો દેખાવ કરી તેણે બાલકીરફને અટકાવી પૂછયું કે—રૂશિઆ છોડી જવાનો મારો હુકમ તું કેમ માનતો નથી?

બાલકીરફે થંડે પેટે જવાબ દીધો કે—જહાંપનાહ, મારો હુકમ મેં બોલેબોલ પાળ્યો છે. તમે મને કહ્યું હ-

તું કે—ફરીથી રૂશિઅન જમીનપર પગ મેલીશ નહીં, અને તે મુજબ રૂશિયન જમીન ઉપર મેં પગ મેલ્યો નથી. જે માટીપર પગ મેલી હમણાં હું બેઠોછું તે સ્વીડનની જમીન છે. સ્વીડન જઇને હું એને ખોદી લાવ્યો છું.

પીટર પોતાના આ માનીતા મસ્કરાને દેશનિકાલ કરવા પછી મનમાં બહુ પસ્તાતો હતો. માટે તે તેને પાછો ફરેલો જોઇ ખુશી થયો, અને તેનું આ બ્હાનું હસીને તેણે કબૂલ રાખ્યું.

એક વેળા તેણે શેહેનશાહના અંગતબચાવ માટેની લશ્કરી ટુકડીમાં સામેલ થવાની મરજી દેખાડી. શેહેનશાહે મશ્કરીની ખાતર તેની અરજ બહાલ રાખી ને લશ્કરના એક આગલદારની પદવી તેને આપી. પણ તે પછી તેને જણાવ્યું કે, જો કોઇ પણ વેળા તું પોતાની તરવાર ખોઇ દેશે તો તને મારી નાખવામાં આવશે. એ સરત બાલકીરેફે કબૂલ રાખી. એક બે દિવસ તેણે પોતાનો ઓહદ્દો ભોગવ્યો નહીં, તેટલામાં શેહેનશાહે તેને માટે ઘણો સ્વાદિષ્ટ દારૂ ભેટ મોકલ્યો. આ દારૂ ખૂબ પીને બાલકીરફ છાકટો થયો અને દારૂની ખુમારીમાં મસ્ત થઇ પોતાના પેહેરાપર ઊંઘી ગયો. શેહનશાહ આ તકની વાટજ જોતો હતો એટલે તેણે તે વેળાએ આવીને બાલકીરફની તરવાર કાઢી લીધી. દારૂની ખુમારી ઉતરવા પછી, પોતાની તરવાર ગુમ થયેલી જોઈ બાલકીરફ ગભરાયો, પણ તેણે તુરત એક ખોટી

લાકડાની તરવાર પોતાના મ્યાનમાં ખોસી દીધી. એ પછી દસ્તુર મુજબ સવારમાં કવાયદની જગોએ હાજર થયો. તેની ખોટી તરવાર તરફ બીજા કોઇનું ધ્યાન ખેંચાયું નહીં. પણ શેહનશાહે તે જોઇ અને તેણે બાલકીરફને ફજેત કરવાનો વિચાર કીધો. એક માણસનો નકામો કાંઇ વાંક કાઢી તેણે બાલકીરફને ફરમાવ્યું કે તારી તરવારવતી એનું ડોકું ઉડાડી નાંખ.

આ હુકમ સાંભળી બાલકીરફ ગભરાટમાં પડ્યો પણ પછી તેણે એક હિકમત વાપરી. પોતાની તરવારની મૂઠપર હાથ મુકીને તે બોલ્યો—"ઓ દયાળુ ઈશ્વર, મારા એક ભાઈબંધને મારી નાંખવાને મારો જીવ ચાલતો નથી, માટે કૃપા કરી મારી તરવારને તું તુરત લાકડાની બનાવી નાંખ !!"

એ પ્રમાણે બોલી બહુ ગંભીર દેખાવે તેણે પોતાની ખોટી તરવાર બહાર ખેંચી કાઢી!

તે જોઇને સઘળાઓ તેની હિકમત ચેતી ગયા અને શેહનશાહ ત્યાં હાજર હોવા છતાં તેઓ પોતાનું હસવું અટકાવી શકયા નહિં. શેહનશાહને પણ આ હિકમતથી બહુ રમુજ ઉપજી અને બાલકીરફનો વાંક માફ કર્યો.

૬ ઘંટી ચોર જડતો નથી !

(૬) એક ગામડાના લોકોને એક મોટી ઘંટી બનાવવી હતી, તેથી તેઓ કેટલીક મેહેનતે એક મોટો પથરો સઘળી રીતે તૈયાર કરીને પહાડપરથી મહા મેહેનતને ગાથે ઉંચકીને નીચે લઇ આવ્યા; પછી એક માણુસને સૂઝી આવ્યું કે આપણે મોટી ભૂલ ખાધી. આપણે સમજ્યા વગર નાહક ગદ્ધા વૈતરૂં કર્યું. કાળી મેહેનત કરીને અને ભારેગરીને એ પૈડું ઉંચકી લાવ્યા તેના કરતાં ઉપરથી ગબડાવ્યું હોત તો આપણા શરીરને જરાએ ઘસારો પહોંચત નહીં, અને પલકવારમાં પૈડું નીચે આવત. તેના બીજા સોબતીઓને આ વાત ગળે ઉતરી, કે આવી રૂડી મતો જો આગળથી ઉપજી હોત તો, ઘણો ફાયદો થાત !

"જો મતિ પિછે ઉપજે, સો મતિ આગે હોય,"
"કાગ ન બિગરે આપકો, દુર્જન હસે ન કોય."

પણ હજી કાંઇ અસૂરૂં થયું નથી. માણસો ભૂલ કરતા આવ્યાછે; ભૂલ માલમ પડે તો તે તરત સુધારવી એવી વૃદ્ધ માણુસોની શિખામણ છે, તે મુજબ આપણે વર્તવું જોઇએ. ચાલો શું જોઇ રહ્યાછો ? આ પૈડાંને તુરત ઉંચકીને જ્યાંથી લાવ્યા હતા, ત્યાં પાછું પહોંચાડી દઇએ, અને ત્યાંથી પછી આપણે નવી નકલ શોધી કાઢી છે, તે પ્રમાણે એકદમ વગર મેહેનતે નીચે ઉતારી દઇએ; સઘળા એક મત થયા, એટલે હીસો હીસો કરતા આ અક્કલના દુશ્મનો એ

તે પૈડાંને પહાડપર ચડાવી દીધું. ત્યાં ગયા પછી એક જણે સવાલ ઉઠાવ્યો કે પથર ગબડાવીએ તો ખરા; પણ તે ક્યાંનો ક્યાં ચાલ્યો જશે તેની ખબર કોને પડશે? જો ક્યાંઇ આડું અવળું ચાલ્યું જશે તો ગામમાં આપણી બ- મણી મશ્કરી થશે. સઘળાઓ પાછા મોટી ફિકરમાં પડયા, એટલામાં એક (ડોઢ) ડાહ્યાએ ખુલાસો કર્યો કે—"એનો ઉ- પાય આપણા હાથમાં છે. આ પથરમાં જે બુરાખ પાડેલો છે, તેમાં હાથ પરોવીને જો કોઇ શખ્સ પથરની સાથે જાય તો પછી આપણો કિમતી ખજાનો ખોવાય નહીં!" આ રામ બાણ જેવો ઉપાય સાંભળી સઘળાઓએ ખુશાલીના પોકારો માર્યા! એક બહાદુર શખ્સે ઘંટીના પૈડા સાથે જવાની હિંમત ચલાવી એટલે સઘળાઓએ મળીને પથર સાથે તેને મજબૂત દોરડાંથી બાંધ્યો. ફતેહના પોકાર મારી, પથ- ર નાસી ન જાય તેની ભલભલામણ આપી, તેને ગબડા- વ્યો. પથર ગબડતો ગબડતો એક તળાવમાં જઇ પડયો, અને તેની સાથે તેનો રખવાળ પણ બાપડો દોદળો થઇને પાણીમાં પડીને ડૂબી મુઓ. બાકીના ગમારો નીચે આવી જુએછે તો પથ્થર પણ નહીં, અને માણસ પણ નહીં! તે- થી તેઓએ ઘણોજ લાંબો વિચાર કરીને નિર્ણય કર્યો કે, તેઓનો દોસ્ત તેઓની સાથે દગો રમ્યો, અને વિશ્વાસઘા- ત કરી પથરનો લુમખો લઇ પોબારા ગણી ગયો, તેથી તે- ઓએ આસપાસના ઘણા ગામોમાં ખબર મોકલી કે એક

માણુસ આમારૂં ઘંટીનું પૈડું લઇને નાઠેલોછે, માટે તેને પકડી આપશે તેને સો રૂપિઆ ઈનામ તરીકે આપવામાં આવશે !!

"તાબુત શું જોશો તમે, મન રાખો મજબૂત;"
"સમજાવ્યું સમજે નહીં, તે પંડે તાબૂત."

૭ દાકતરો અને તેમના દરદીઓ.

(૭) **જીભનો છેડો જડતો નથી**—એક દરદી બાઈ એક દાકતર પાસે દવા લેવા માટે ગઈ, ત્યારે દાકતરે તેને પોતાની જીભ બતાવવાનું કહ્યું, તેપરથી તે બાઈએ જીભ બહાર કાઢીને બતાવી. દાકતરે જરા વધારે કાઢવાનું કહ્યું, તો તેમ કીધું. વળી ત્રીજી વખત વધારે બહાર કાઢવાનું કહ્યું, એટલે તે બાઇ ચીડાઇને બોલી ઉઠી કે—દાકતર સાહેબ, શું અમો બૈરાંઓની જીભને કાંઇ છેડો હશે કે નહીં જ ?! કે વારંવાર તમે "બહાર કાઢ, બહાર કાઢ," એમ કહ્યાજ કરોછો !!! . .

(૮) **હોશ નથી**—એક ગૃહસ્થે એક દાકતરને કહ્યું કે, "દાકતર સાહેબ, આજે સવારમાં મારી દીકરાને એવો તો જોસો થઇ આવ્યો કે **એક કલાક સુધી તે અક્કલ અને હોશ વગર પડી રહી.**" દાકતરે જવાબ આપ્યો કે તેની કાંઈ ચિંતા નહીં, કેમકે ઘણાએક લોક તો પોતાની આખી જીંદગી અક્કલ અને હોશ વગર ગુજારે છે!"

(૯) **ભેજુંજ કયાં છે?**—એક સ્ત્રીએ દાકતરને પૂ-

છ્યું કે "તપખીર, મગજ અથવા ભેજાને શું! નુકશાન કરતી હશે?" દાકતરે જવાબ આપ્યો કે—"બીલકુલ નહીં. કેમકે જેઓને ભેજું છે, તેઓ તપખીર લેતાજ નથી!"

(૧૦) **કયો દરદી?**—એક અમીરજાદીએ એક વેળા દાકતર હેમોલ્ટનને તેડું મોકલ્યું કે—મારો માનીતો વાંદરો કાયલો પડયો છે, તેને તપાસીને ઓસડ આપી જવું. એ તેડાંને માન આપીને વૈદરાજ આવ્યા ત્યારે ઓરડામાં ત્રણ જણને જોયાં. અમીરજાદી પોતે, તેનો દસ વરસનો એક છોકરો જે પચરંગી પોશાકથી ઘણો બેડોળ દીસતો હતો અને જેનું મોઢું બરાબર વાંદરા સરખુંજ હતું, તથા ત્રિજો કાયલો પડેલો વાંદરો. દાકતરે આ દેખાવ જોઇને થંડે પેટે તે અમીરજાદીને પૂછ્યું કે—"બાઈ, આમાં તમારો વાંદરો તે કયો?!"

(૧૧) **દાકતર ગભરાયો**—ઇરાનના એક બાદશાહે ગસ્તફાના એક ખલીફને માટે પોતાના દેશમાંથી એક ચંચળ વૈદને મોકલ્યો. ખલીફને ત્યાં આવીને એ વૈદે પૂછ્યું કે "તમે તથા તમારા કુટુંબીઓ કેમ છો?" ખલીફે ઉત્તર આપ્યો કે, "સાહેબ, અમે ભૂખ લાગ્યા પહેલાં ખાતાં નથી, અને તે સાથે બે કોળીઆ ઓછાજ ખાઈએ છીએ." આ જવાબ સાંભળી વૈદ વિચારમાં પડયો કે, જે કુટુંબની દવા કરવાને હું આવેલો છું, તે કુટુંબમાં આ રીતે રોગ તો મુદલ હોવોજ ન જોઇએ! ત્યારે મારે આ ઠેકાણે

રેહેવાની શી જરૂર? એમ ધારીને અમીર પાસેથી પાછો જ વાની તેણે રજા માગી!

(૧૨) દાકતર પોતાની દવાની પેટીમાં—એક વહાણનો દાકતર હમેશાં ખલાસીઓને કાંઇ પણ દરદ ઉપર દરિઆનું પાણી પાતો હતો! એક દહાડો અકસ્માતથી તે દરિઆમાં પડી ગયો, તેને જોઇને એક ખલાસી પોતાના બીજા સોબતીઓને કહેવા લાગ્યો કે—અરે જુઓ જુઓરે! આપણો દાકતર પોતાની દવાની પેટીમાં પડયો છે!!

(૧૩) સ્વાભાવિક મોત—એક રાજા મરવા પડયો, ત્યારે કેટલાક દાકતરો તેની દવા કરવાને આવ્યા. પોતાની આસપાસ કોડીબંધ દાકતરોને જોઈને તે રાજા બોલ્યો કે, "દોસ્તો મને સ્વાભાવિક મોતથીજ મરવા દો!!!"

(૧૪) અર્થ સર્યો કે વૈદ્ય વેરી—એક પ્રખ્યાત ફ્રેન્ચ દાકતરે લાંબા વખત સુધી એક ઉમરાવની દવા કીધી. એક સવારે જ્યારે તે દરદીઓને જોવા ગયો, ત્યારે તે ઉમરાવે કહ્યું કે—"મિ૦ બોવાર્ટ, મને હવે ઘણો આરામ થયો છે. હું ખાતરીથી કહું છું કે મારો તાવ ઉતરી ગયો છે." દાકતરે તુરત જવાબ આપ્યો કે, "" આપના પેહેલા શબ્દથીજ મારી તો ખાતરી થઇ ચૂકીછે કે-આપને સારી પેઠે આરામ થયો છે." ઉમરાવે પૂછયું કે—"કેવી રીતે?" "કેવી રીતે કેમ વળી? જ્યારે તમે ઘણાજ માંદા હતા, ત્યારે તમે "પ્યારામાં પ્યારા દોસ્ત" કહીને

મને બોલાવતા. પછી જ્યારે થોડા સાજા થયા ત્યારે "ભલા બોવાર્ટ" કહેતા. પણ હવે જ્યારે આપને તદન આરામ થયોછે, ત્યારે હું સાદો "મિ૦ બોવાર્ટ" થયો છું !!!

(૧૫) **મોટું મોઢું**—એક વખત એક મોટા મોઢાવાળાએ પોતાનો એક દુખતો દાંત ખેંચી કાઢવા માટે એક દાકતરને બોલાવ્યો; દાકતરે પોતાનું હથિઆર તૈયાર કર્યું, અને દરદીને મોઢું ઉઘાડવાનું કહ્યું; એટલે દરદીએ પૂરા જોસથી પોતાનું બિઆમણું મોટું મોઢું ઉઘાડયું. ત્યારે દાંતના દાકતરે હસીને કહ્યું કે—"સાહેબ, રાખો. તમારૂં મોઢું વધારે ઉઘાડવાની તસ્દી લેશો નહીં, કેમકે મારો એવો વિચાર છે કે મોઢાની અંદર નહીં પેસતાં બહાર ઉભા રહીનેજ દાંત ખેંચી કાઢવો !!

(૧૬) **દાંત ઘસાયા!**—એક તરકટી ઓરતે એક દહાડો એક દાકતરને પૂછ્યું કે—'દાકતર સાહેબ, મારા દાંત શાથી પડી ગયા હશે ? દાકતરે ઠાવકું મોઢું રાખીને જવાબ દીધો કે—"બાઇ. તે તમારી જીભથી ઘસાઇ ગયા !'"

દાકતરને ફી શાની આપું ?

૧૭ આયર્લાંડના એક ગામમાં એક હસવા સરખો મુકદ્દમો ચુકયો હતો. એક તબીબે પોતાના એક ગ્રાહક ઉપર રૂપિઆ દશની ફરિઆદી માંડી હતી. તેણે પોતાનો કેસ એવી અચ્છી રીતે જાહેર કીધો કે જડજ તેની તરફેણમાં ચુ-

કાદો આપવાને તૈયાર થયો. એટલામાં પ્રતિવાદીએ જડ-જના હુકમથી દાકતરને કેટલાક સવાલો પૂછ્યા, જેની મતલબ એવી હતી કે પ્રતિવાદીની બાઇડી આજારી હોવાથી તે આ દાકતરને તેડવા આવ્યો. દાકતરે પ્રથમ રૂપિઆ દસ માગ્યા અને જો બિમારી ઘણી હોય તો પાછળથી બીજી રકમ માગી. પણ પ્રતિવાદીએ કહ્યું કે—“તારે જોઇએ તો જીવાડ યા જોઇએ તો મારી નાંખ, હું તો તને રૂપિઆ દસ આપું.” દાકતરે આ સરત કબૂલ રાખી અને દવા કીધી, પણ પેલી સ્ત્રી ઘણી બિમાર હોવાથી મરણ પામી. દાકતરે પોતાની ફી માગી, જે પ્રતિવાદીએ નહીં આપવાથી ઉપલી ફરિઆદી મંડાઈ. હવે પ્રતિવાદીએ પોતાના બચાવમાં કહ્યું કે—“દાકતર મારી સાથેની પોતાની સરત પ્રમાણે ચાલ્યો નથી. ત્યારે હું તેની ફી શાની આપું?”

દાકતરઃ—મેં મારી સરત પાળી છે.

પ્રતિવાદીઃ—ત્યારે શું તમે મારી બાઇડીને જીવાડી છે?

દાકતરઃ—ના, તે બિમારી મરણ પામી.

પ્રતિવાદીઃ—ત્યારે શું તમે તેને મારી નાંખી છે?

દાકતરઃ—ના. તે પોતાને મોતે મરી ગઇ.

પ્રતિવાદીઃ—હવે ત્યારે, સાહેબ—દાકતરે નથી મારી નાંખી કે નથી જીવાડી! અને સરત તો એ હતી કે—દાકતરે તેને મારી નાંખવી કે જીવાડવી. ત્યારે હવે હું દસ રૂપિઆ શા માટે આપું? જડજે હસીને ફરિઆદી ઉડાડી નાંખી.

૧૮ દેખતી કે આંધળી! એક ગરીબ આંધળી ડોશીએ

પોતાની આંખોની દવા કરવાને એક મોટા દાકતરને તેડા-વ્યો, ને પોતાનો અંધાપો મટાડવાની અરજ કીધી. આં-ખો સારી થાય તેમ હતું, ને દાકતર સાહેબને મન પૈસો પરમેશ્વર કરતાં પણ અધિક વહાલો હતો, તેથી ફીને બ-હાને પૈસા પડાવવાને દરરોજ બે કે ત્રણ આંટા મારી જ-તા, અને દર ફેરાના પાંચ પાંચ રૂપિઆ ગજવાગાં પહોં-ચાડતા હતા. રોજ કદી એક ફેરો ખાય તો તેથી આ ડો-શીને હરકત આવે તેમ નહોતું, પણ દાકતર સાહેબની ના-ણાં કોથળીને મોટી હરકત નડતી હતી, તેથી દાકતરથી આવ્યા વિના ચાલે તેમ નહોતું. રોજના દશ પંદર રૂપિ-આ મળે તે કોને કડવા લાગે ? બાપડી ગરીબ ડોશીએ પાંચ દિવસની ફી તો ઉછીતા પાછીતા કરીને આપી. પણ પછી તેનો એ ઉપાય ચાલ્યો નહીં, તેથી ઘરગાંથી દરરોજ એક બે જણુસો વટાવીને લાચારિથી દાકતરની નાણા કો-થળીને સાવધાન કરવા લાગી. એમ કરતાં આશરે એક મ-હિને તેને આરામ થયો. પણ ઘરમાં આહા એક બદામ રહી. ધાતુ પાત્ર તો ઇશ્વરનું નામ. એ પરથી તે લાચાર ડોશીએ દાકતરપર ઠગાઇનું તહોમત મૂકી તેને કોર્ટમાં ઘ-સડયો. તે વિધવા ડોશીએ માજીસ્ટ્રેટને અરજ કીધી કે મા-રા સઘળા પૈસા આ દાકતર ખાઇ ગયો છે. માટે મને પા-છા અપાવવા જોઇએ. માજીસ્ટ્રેટે દાકતરને પૂછવાથી તેણે ખુ-લાસો કીધો કે એ ડોશી આંધળી હતી તેને દેખતી કરીને મેં પૈસા લીધા છે. કાંઇ ફોકટના પૈસા પડાવ્યા નથી. પે-

લી સ્ત્રીએ કહ્યું, એ તદ્દન બનાવટ ઉભી કરીછે. એમાં તલ ભાર પણ સચાઇ નથી. હું આંધળી હતી અને મને એણે દેખતી કરી છે એ ખરૂં નથી. હું દેખતી હતી તેને ઉલટી એણે બીલકુલ આંધળી બનાવી છે. કારણ કે જ્યારે હું આંધળી હતી ત્યારે મારા ઘરમાં વાસણ કુસણ, લૂગડાંલત્તાં અને રાચ રચીલું વગેરે દેખતી અને હવે તો આખા ઘરમાં હડીએ હડીયું કાઢું છું, પણ તેમાંનું કશું મારી નજરે પડતું નથી.

---

૮ પાયા વગરની (!!)

(૧૯) એક છોકરાને ઇંડાં ખાવાનો અતિશે શોખ હતો, તેને વિષે તેની મા પોતાના ભાઇ પાસે નિચે મુજબ વાત કહેતી હતી.

"ભાઇ" મારો છોકરો ઇંડાંનો કેટલો શોખીલો છે તે તમે સારી પેઠે જાણોછો. એક દિવસે અમે ગાડીમાં બેસી ફરવા જતાં હતાં; કેટલુંએક આગળ ચાલ્યા પછી અમને ભૂખ લાગી. તેથી એક ઠેકાણે અમે ઉતરી પડયાં. તે વખતે મારો છોકરો બોલવા લાગ્યો કે—મા, હું આંહી કાંઇજ નહીં પણ થોડાં બાફેલાં ઇંડાં ખાઇને મારી ભૂખ ભાગીશ. પછી બારી આગળ તે ઇંડાંની એક ટોપલી લઇને બેઠો, અને તે ખાઇને બારીવાટે ઇંડાંનાં કોટલાં નાખતો હતો. ત્યાં ઘણી વાર થઇ જવાથી હું કંટાળી ગઇ, તે-

થી બૂમ પાડીને બોલી કે કેમ ? આખો દહાડો આંહી બેસીને ઇંડાંજ ખાખા કરવાં છે કે ઘેર જવું છે ? આ સાંભળીને મારો છોકરો તરત ઉઠ્યો, અને અમે પાછાં ગાડીમાં બેઠાં. પછી જ્યારે તેણે ગાડી ફેરવી ત્યારે એક પૈડું ઇંડાંના કાટલાંપર ચડી ગયું, અને તે ઢગલો એવડો તો મોટો થઇ પડ્યો હતો કે અમારી ગાડી તરત ઉંધી વળી ગઇ !

(૨૦) એક વર્તમાન પત્ર વાળો કહેછે કે એક મરઘીએ રેતીના દાણા અનાજ જાણી ભૂલથી ખાધા અને જ્યારે ઇંડાં મૂકવાનો વખત આવ્યો ત્યારે ઈંડાંને બદલે લાકડાના કકડા મૂકયા. અને જ્યારે તેને તેનાપર સેવવા બેસાડી ત્યારે તેમાંથી દીવાનખાનાને લાયક સરસામાન બની આવ્યો !!!

(૨૧) ફીલાડેલ્ફીઆ ખાતે એક શખ્સ મરઘાના વાસવાની એવી તો આબેહુબ નકલ કરી શકેછે કે કોઈ કોઇ વાર મશ્કરીમાં મધ્ય રાતે પણ તેવોજ અવાજ કાઢે છે તો તેને મરઘો સમજીને સૂર્ય ઠગાઈ જાય છે, અને ગભરાઈ જઈને વખત કરતાં ત્રણ ચાર કલાક વેહેલો ઉગેછે !

(૨૨) એક ઉતાવળીઓ શખ્સ ઘોડાપર સ્વાર થઇને બહાર જવાની તૈયારી કરવા જતાં ઘોડાની પીઠપર જીન નાખવાને બદલે ધ્યાનમાં ને ધ્યાનમાં પોતાનીજ પીઠપર નાખીને સ્વાર થવા ગયો, પણ ઘણી કોશીશો કરતાં

જ્યારે તેમ ન થઇ શક્યું, ત્યારેજ તેણે પોતાની ભૂલ જોઇ !

(૨૩) એક સ્ત્રી પોતાના પ્રિય પતિ તરફ પ્યાર પત્ર લખી ટપાલ ઓફિસમાં નાખવા ગઈ. પણ કાગળ રસ્તામાં પડી ગયો તેનું ભાન રહ્યું નહીં. પછી ટપાલ ઓફિસમાં જઈ પત્ર નાખવાને બદલે કાગળ નાખવાની પેટીમાં પોતેજ પડી !!!

(૨૪) અમેરિકામાં એક મોચી એક દહાડામાં એટલી બધી બુટની જોડ બનાવતો કે તેને ગણતાં બે દહાડા લાગતા!!

(૨૫) ન્યુહેમશાયરનો એક રહેવાશી એક દહાડામાં પથ્થરની દીવાલ એટલા બધા મૈલ લાંબી બાંધતો કે તેને પાછો ઘેર આવતાં આખી રાત અને દહાડો થતો હતો !!!

૧૦ મગજના ગયેલા!

(૨૬) એક ગાંડા માણસને કોઇએ પૂછ્યું કે, "તને આ ગાંડાની ઈસ્પિતાલમાં કેમ રાખ્યો છે ?" ત્યારે તેણે પ્રત્યુત્તર આપ્યો કે, "સેહેજસાજ વાંધો પડગો તેથી." પેલાએ પૂછ્યું કે "એવો તે શો વાંધો પડયો ?" બધા કહેકે તું ઘેલો છું, અને મેં કહ્યું કે હું તો ઘેલો નથી પણ તમે બધા ઘેલા છો ? તેથી તેઓએ મને આંહી આણ્યોછે; પણ મારા મનને હું ડાહ્યો છું એટલે શી ફિકરછે.

(૨૭) મીનાક્ષકાસ નામના એક ઉમરાવને માટે એવું કહેવાએલું છેકે એક દિવસે તેની એક નાની દીકરીને તેની ચાકરડીએ તેને રમાડવા આપી, તે વખતે તે ચોપડી વાંચતો હતો. થોડીવારે તેનો કોઇ મિત્ર તેની સાથે કાંઈ વાત કરવા આવ્યો, તે જોઈ તેણે ચોપડી સમજી પોતાની પુત્રીને ટેબલપર ફેંકી દીધી !

(૨૮) લાફોનટેન નામનો એક ફ્રેન્ચ લખનાર એ, કરતાં પણ ચડીઆતો હતો. તેનો એક મિત્ર મરણ પામવાથી તે તેની પાયદસ્તે ગયો હતો, એટલું છતાં થોડા દાહાડા રહી તે પેલા મરનાર મિત્રને ઘેર મળવા ગયો. જ્યારે મરનારના નોકરે તેને જણાવ્યું કે "તે તો આજ કેટલાએક દિવસ થયા મરણ પામ્યો છે," ત્યારે લાફોનટેન બોલ્યો કે "હું દિલગીર છું કે કોઇએ તે વિષે મને જણાવ્યું નહીં ! થોડીવાર પછી તેને પાછું યાદ આવ્યું એટલે તે બોલી ઉઠ્યો કે—' હા, હા. ખરી વાત; તેની લાશને દફનાવતી વખતે હું હાજર હતો ખરો !"

(૨૯) લેસીંગ નામનો એક વખણાએલો જર્મન વિદ્વાન એક દિવસે પોતાના એક મિત્રને ત્યાં જમવા ગયો હતો, ત્યાંથી મોડી રાતે પાછા ફરી પોતાના ઘરનું બારણું ઠોકયું, તે વેળા તેની દાસીએ તેને નહીં ઓળખતાં તેને કોઇ અજાણ્યો શખ્સ ધારીને તેણે જવાબ દીધો કે—"સાહેબ, લેસીંગ ઘરમાં નથી." લેસીંગ પોતાના વિચારોમાં

એટલો તો ગરકાવ થઇ ગયો હતો કે તેને પોતાના નામનું પણ ભાન રહ્યું નહીં, તેથી તે બોલ્યો કે—"ઠીક છે, ત્યારે કાલે વળી પાછો આવીશ !!" એમ ઉત્તર આપી આગળ ચાલ્યો. કેટલેએક દૂર ગયા પછી તેનું મન શાંત થતાં તેને પોતાની ભૂલ માલમ પડી એટલે તે પોતાને ઘેર પાછો ફર્યો !

(૩૦) એક દિવસે સર ઐસાક ન્યુટન પોતાના ઓરડામાં વિચારમાં બેઠો હતો, અને તેની પાસે જમવાનું ભાણું પડેલું હતું, પછી તેનો એક મિત્ર આવીને તેનું બધું જમવાનું તેની આગળ બેસીને ખાઇ ગયો તોપણ તેને ખબર પડી નહીં. જ્યારે તે વિચાર કરી રહ્યો ત્યારે તેણે પોતાના ભાણા તરફ નજર કરી તો વાસણો સઘળાં ખાલી દીઠાં. ત્યારે તેણે વિચાર કર્યો કે "મારૂં ખાણું હું પોતેજ ખાઇ ગયો હોઇશ !!" ભલા આદમીએ પોતાનું પેટ પણ નહીં તપાસ્યું હોય? !

(૩૧) એજ પ્રખ્યાત તત્વજ્ઞાની એકવાર કોઈ અઘરા વિષયનો અભ્યાસ કરવાને પોતાના ઓરડામાં બેઠો હતો. દિવસ ઘણો ચઢ્યો, તો પણ તે નાસ્તો કરવા ઉઠ્યો નહીં, તેથી તેની સ્ત્રીએ એક ઇંડું અને પાણીનો તપેલો આપીને પોતાની ચાકરડીને ન્યુટન પાસે મોકલી. તેણે તેને કહ્યું હતું કે —" તું ઇંડું ઉકાળી આપજે, અને સાહેબ જમે ત્યાં સુધી તેમની પાસે ઉભી રહેજે." પણ ન્યુટને તેને પોતાની પાસે રહેવા ન દેતાં કહ્યું કે " તું તારે જા. હું

મારી મેળે ઈંડું ઉકાળીશ. "ચાકરડીએ કહ્યું કે" બ-રાબર ત્રણ મિનિટ સુધી ઉકાળશો એટલે તૈયાર થશે." એમ કહી મેજપર ઘડિઆળ પડ્યું હતું તેની જોડે ઈંડું મૂકીને તે ચાલતી થઇ. ઘેર ગઇ ત્યારે તેની શેઠાણીએ તેને ઠપકો આપ્યો કે જમાડ્યા સિવાય કેમ આવી? તેથી તે બાપડી પાછી ન્યુટન પાસે જવા નીકળી. ત્યાં આવીને જુએ છે તો તે મોટા અચંબામાં પડી. કેમકે આપણા મહા પંડિત ન્યુટન સાહેબ ઈંડાને બદલે ઘડિઆળને ઉક-ળતા પાણીમાં નાખીને પેલા ઈંડાને ઘડિઆળ સમજી ત્ર-ણ મિનિટ ક્યારે થાય તેની રાહ જોતા તેને હાથમાં પક-ડીને બેઠા હતા !!!

(૩૨) તે વળી એક વખત ઘોડાપર બેસીને ફરવા જતાં તેના ઉપરથી ઉતરીને તેની લગામ હાથમાં પકડીને વિચારમાં ને વિચારમાં ચાલતો હતો, એવામાં ઘોડો તેના હાથમાંથી છુટી ગયો, તેની તેને ખબર રહી નહીં; તેથી પોતાનો હાથ એમનો એમ જાણે લગામ પકડી રાખી હોય તેમ રાખીને ધીમે ધીમે આગળ ચાલતો હતો. એવામાં તેના મિત્રો સામા મળ્યા, અને તેઓએ જણાવ્યું ત્યારે તેની શુદ્ધી ઠેકાણે આવી!!!

૧૧ હાજર જવાબ.

(૩૩) એકવાર કેટલાક ઠોળીઆ મિત્રોની એક ટોક-

બીએ કોઈ પહોંચખાનામાં ઉતારો કર્યો હતો. ખાણું ખાઇ રહ્યા પછી જ્યારે આંકડો ચુકવવાનો વખત આવ્યો ત્યારે તેઓમાંના એક જણે, તે પહોંચખાનાની માલિક જે એક સ્ત્રી હતી તેને બોલાવીને કહ્યું કે હું તને જ્યોતિષ શાસ્ત્રનો એક પાઠ આપું છું તે સાંભળ. દર સોળ હજાર વરસે એક વરસ એવું આવેછે કે જ્યારે દરેક ચીજ પાછી પોતાની અસલ હાલતમાં આવેછે. માટે આજથી સોળ હજાર વરસ પછી આપણે આજ વખતે આજ જગ્યાએ પાછા મળીશું, માટે મેહેરબાની કરી તેટલી મૂદત સુધી તું અમને આજના દિવસના પૈસા ધીરશે ? પેલી વિશીવાળીએ ઠંડે પેટે જવાબ આપ્યો કે સાહેબ, હું તેમ કરવાને તદન રાજી છું, પણ તે અગાઉ તમોએ તમારૂં આગલું કરજ ફીટાડવું જોઇએ. કારણ કે બરાબર સોળ હજાર વરસ અગાઉ જ્યારે તમે લોકો આ વિશિમાં આવ્યા હતા, ત્યારે જમણનો આંકડો આજ દિન ઉપર ચૂકવવાનું મુલતવી રાખ્યું હતું, માટે મેહેરબાની કરી આંકડો ચુકવો. પેલો મશ્કરો આ હાજર જવાબથી શરમાઇ ગયો. તેથી મુંગે મોઢે પેલીને દામ ચુકવી આપી ચાલતી પકડી.

[૩૪] મોટા ફ્રેડરીક બાદશાહના વખતમાં તેની પલટણના એક ઈશ્કી સિપાઇને ઘડિઆળ રાખવાનો હદ વગરનો શોખ હતો. પણ તે બાપડા પાસે પૈસા નહીં હોવાથી ભભકો બતાવવાને કોઇની પાસેથી તે એક અછોડો માગ

ગી લાવ્યો, તેને ગળામાં લટકાવી તેની સાથે બંદુકની ગોળી ગજવામાં બાંધી રાખી. આ વાતની ખબર ફ્રેડરીક બાદશાહને પડવાથી તેણે એક દિવસે ઉપલા સિપાઈને પૂછ્યું કે—સારજંટ, મારા ઘડિઆળમાં પાંચ વાગ્યા છે; તારૂં ઘડિઆળ જરા જોતાં તે શું વખત આપે છે? સિપાઈ, બાદશાહની ધારણા સમજી ગયો તેથી બોલ્યો કે—જહાંપનાહ, મારૂં ઘડિઆળ પાંચ કલાક કે છ કલાક એમ નથી કહેતું પણ જ્યારે હું જોઉંછું ત્યારે એ ઘડિઆળ મને એમ કહેછે કે—"કોઈ પણ વખતે નામદાર બાદશાહની ખાતર જીવ આપવાને ખુશીથી તૈયાર રહેવું" આ હાજર જવાબથી બાદશાહ ખુશી થયો તેથી પોતાનું હીરાથી મઢેલું ઘડિઆળ સિપાઈને કાઢી આપીને બોલ્યો કે—જ્યારે તું મરવાને તૈયાર છે, ત્યારે તો તારે કયે વખતે મરવું પડશે તે જાણવા સારૂ આ ઘડિઆળ તારી પાસે રહેવાદે.

(૩૫) એક માણસની સ્ત્રી ઘણીજ બદસુરત અને બિહામણી દેખાવની હતી. એક દિવસે એ માણસે વર્તમાન પત્રમાં વાંચ્યું કે ફલાણો શખ્સ ફલાણા શખ્સની બાયડીને કાઢી ગયો છે. આ પરથી તે બોલ્યો કે જો કોઇ મરદ એ પ્રમાણે મારી સ્ત્રીને કાઢી લઇ જાય તો તેને હું ગોળીથી વિંધી નાખું. આ સાંભળીને પાસે ઉભેલો એક મશ્કરો બોલી ઉઠયો કે—તારી બાઈડીનું મોહું એવું તો ફિકું છે કે મફત આપી દે તોપણ કોઇ તેને કબૂલ રાખે ન

હી! એમ છતાં જો કોઇ ભૂલે ચૂકે લઈ જાય તો તેને આ-પ્રઘાત કરવો પડે. માટે ભાઈ, ગોળી મારવાની જરૂર રહે-શેજ નહીં.

(૩૬) ખ્રીસ્તિ લોકો ઇસ્ટરના તેહેવાર ઘણી મોજમ-જામાં ગુજારે છે. અને એ તેહેવાર ઉપર તરેહવાર રંગથી ઇંડાં રંગીને તથા શોભાયમાન કરીને અરસપરસ વહેંચે છે. એ બાબત એક સ્ત્રીએ એક બુઢ્ઢા પાદરીને સવાલ કર્યો કે "ઇસ્ટરના ઇંડાંનું મૂળ શું!" પાદરીએ તુરત પ્રત્યુતર આપ્યો કે—"અલબત, મરઘી સિવાય બીજું કોઇ નહીં!"

(૩૭) એક અમીર જે ઘણો અજ્ઞાની હતો, તે એક વેળા ફીલસુફ "દોકારટી" સાથે ટેબલપર જમવા બેઠો. ફી લસુફને તરેહવાર વાનીઓ ઝપાઝપ ખાતો જોઇને તે અ-મીર બોલ્યો કે—"ફીલસુફોને સ્વાદિષ્ટ પકવાનોમાં હાથ ઘા-લવાનો શો હક છે?" દોકારટો બોલ્યો કે—"કેમ નહીં? શું તમે એવું ધારો છો કે ઇશ્વરે સારી ચીજ માત્ર મૂરખા-ઓને માટેજ કીધી છે?!"

(૩૮) એક શિક્ષા ગુરૂએ પોતાના એક ચેલાને તેની ખરાબ ચાલ વિષે સમજાવતાં ઘણા જુસ્સાથી કહ્યું કે—"જ્યારે તારી ખરાબ વર્ત્તણુક બાબત તારા બાપને કહેવા-માં આવશે ત્યારે તેના સફેદ વાળ દિલગીરી સાથે તેને ઘો-રમાં લઇ જશે." એ સાંભળીને તે છોકરો બોલી ઉઠ્યો કે —"બેઅદબી માફ છે સાહેબ, મારા બાપના માથાપર વા-

ભેજ નથી તેથી તો તે વાળની ટોપી પહેરે છે !!!"

(૩૯) એક માણસે પોતાના પુત્રને શીખામણ દેતાં જણાવ્યું કે—"બેટા, પેટ ભરીને નાસ્તો કર્યાથી દુનિઆમાં અરધા લોક મરી જાય છે. અને રાત્રે ઠાંસી ઠાંસીને જમવાથી બીજા અરધા લોક મરી જાયછે." એ ઉપરથી તે ચાલાક છોકરો બોલ્યો કે "ત્યારે પિતાજી, ખરા જીવનારા ભૂખથી મરી જનારાજ હોય છે કે શું ?"

(૪૦) એક ખેડૂત રસ્તેથી એક ગધેડાને લઇ જતો હતો. તેને જોઇને એક મશ્કરાએ ટકોર કીધી કે "કેમ ભાઇ, એ તમારા ભાણેજને કયાં લઈ જાઓછો ?" ખેડૂતે ઠાવકું મોઢું રાખીને જવાબ આપ્યો કે "સાહેબ, તમે ભૂલોછો. એ કાંઇ મારો ભાણેજ નથી, પણ તમારા સરખોજ માત્ર એક ઓળખાણવાળો છે !!"

(૪૧) એક હસમુખા ભરથારે રસ્તામાં ઉભેલા એક ગધેડા તરફ આંગળી બતાવીને પોતાની સ્રીને પૂછયું, કે, "આ તારો શો સગો થાય !" બાઈડીએ તરત જવાબ આપ્યો કે, "મારા બાપના વેહેવાઈનો છોકરો !!!"

(૪૨) એક સ્ત્રી પોતાના ધણી સાથે લડતાં બોલી કે — "અરે હું જો મરદ હોત તો——" પણ તે બોલવું પૂરું કરે તે અગાઊ તેના ધણીએ તુરત જવાબ દીધો કે—"જ્યારે તું મરદ હોત ત્યારે હું તારી સાથે લગ્ન શાનાં કરત ! અને મારામારી પણ શાની થાત ?"

(૪૩) એક વખત એક માણસે એક સ્ત્રીને પૂછયું કે, "માખીના ડંખ ઉપર સૌથી સારો ઊપાય કયો?" તે સ્ત્રીએ તુરત જવાબ આપ્યો કે "સૌથી સારો ઉપાય મને એ જડી ગયો છે કે તેનાથી સદા દૂર ને દૂર નાસવું!"

(૪૪) તારીખ ૧૯ મી મે સને ૧૭૮૦ ની સાલમાં લંડન શેહેરમાં ઘણું અંધારૂં થઈ ગયું હતું, તેનું કારણ જાણવા માટે એક સ્ત્રીએ દાકતર બાઇલસને પૂછયું કે, "દાકતર સાહેબ, આજના અંધારાનું કારણ શું?" દાકતરે તુરત જવાબ આપ્યો કે, "બાઈ, તમે જેટલા અંધારામાં છો તેટલોજ હું છું."

(૪૫) મિલ્ટન કવિને ખરાબ બાઈડી માથે ભાગી હતી. એક દિવસે તેના એક મિત્રે કહ્યું કે, "મિલ્ટન, તારી બાઈડી ખરેજ ગુલાબ છે!" મિલ્ટન બોલ્યો કે "હશે. હું આંધળો છું તેથી રંગ તો જોઇ શકતો નથી પણ તેના કાંટા મને ખુંચેછે ખરા."

(૪૬) એક સ્ત્રી ઘણી મશ્કરી ખોર હતી, તેને એક સુરત દિલના માણસે કહ્યું કે "બેન, ઘણી મશ્કરી કરવી એ ઘણું ભય ભરેલું છે." એના જવાબમાં એ ચાલાક સ્ત્રી બોલી કે, "પણ ભાઈ સાહેબ, તમે પોતે તો તે ચીજથી બેનસીબ છો, એટલે તમારે બીવાનું કશું કારણ નથી!!"

(૪૭) સર બોઇલ રેઝ નાગના એક ભાષણ કર્તાએ જ્યારે પાર્લમેંટમાં ભાષણ કીધું ત્યારે એક શખ્સે જા-

ણાવ્યું કે, "હવે આપણે આવતા જમાનાને સારૂ કાંઇ ક-રવું જોઈએ." ત્યારે તેણે જવાબ આપ્યો કે,—"તે લોકો-એ આપણે વાસ્તે શું કર્યું છે કે આપણે તેઓને વાસ્તે કરીએ ?!

(૪૮) એક વૃદ્ધ પુરૂષને કોઇએ પૂછયું કે—"કેમશે ઠ, તમે પરણતા નથી? ત્યારે તેણે જવાબ દીધો કે, "ભાઈ, ઘરડી સ્ત્રી મને પસંદ નથી." એથી પેલો જુવાન બોલ્યો —"ત્યારે જુવાન સ્ત્રી સાથે પરણો!" ત્યારે તે બુઢ્ઢો બો લ્યો કે, "ભાઇ, હું ઘરડો થઇને ઘરડી બાઈડીને પસંદ ક-રતો નથી, તો એક જુવાન બાઇડી મને ઘરડાને શી રીતે પસંદ કરે?!"

(૪૯) દોરાબજી શેઠનો દીકરો ઘણો ઉડાઉ હતો, તે-ણે એક દિવસે પોતાના પિતાજી પાસે ખરચી સારૂ થોડા પૈસા માગ્યા, ત્યારે તેણે ચીડાઇને બૂમ પાડી કે "અભાગ્યા તારો પગાર પણ તને પૂરો નથી પડતો કે શું? જ્યારે હું તારી ઉમરનો હતો ત્યારે મારા બાપનું એક દોઢીયું પણ મેં ખરચ્યું નહોતું." એ સાંભળી તે છોકરે જવાબ દીધો કે—"તમારા બાપનું તો તમે કદાચ નહીં ખરચ્યું હોય, પણ મારા બાપનું તો તમે ખરચ્યું છે કે નહીં?" આ હા-જર જવાબ સાંભળી દોરાબજી શેઠ ખુશી થયા અને પોતા-ના પુત્રને થોડા રૂપિઆ વાપરવા આપ્યા !!

(૫૦) ફ્રાન્સના રાજા ચોથા હેનરીના વખતમાં એક

ઉમરાવના માથાના વાળ ધોળા અને દાઢીના વાળ કાળા હ-
તા. હેનરીએ એક દહાડો મશ્કરીમાં પૂછ્યું કે, "ઉમરાવ
સાહેબ, તમારી દાઢીના વાળ કાળા અને માથાના વાળ સ-
ફેદ કેમ?" ઉમરાવે તુરત જવાબ આપ્યો—"જહાંપનાહ,
દાઢીના વાળ વીશ વરસ મોડા જન્મ્યા હતા!"

(૫૧) જ્યારે જે રેમી ટેલર પાદરીની જગ્યો લેવા
માટે કેન્ટરબરીના બીશપ પાસે ગયો, ત્યારે બીશપ સાહેબ બો-
લ્યા—તમે બધી વાતે એ જગ્યાને લાયક છો, પણ વાંધો
ફક્ત એટલોજ છે કે તમારી ઉમર બહુ નાની છે." ટેલરે
તુરત જવાબ આપ્યો, "સાહેબ, મહેરબાની કરી જો આ
નજીવી તકસીર માફ કરશો તો વખત જતાં તે ભૂલ સુ-
ધારવાને સેવક ચૂકશે નહીં."

(૫૨) એક વકીલ ચાલ્યો જતો હતો, તેવામાં એક
ગામડીઓ થોડા ઘોડાઓને ચલાવી જતો હતો. આ ગરીબ મા-
ણુસની મશ્કરી કરવા માટે તે વકીલ બોલ્યો કે—"આગલો
ઘોડો માતેલો અને પાછલા ઘોડા દુબળા કેમ?" ગામડીઓ
બોલ્યો કે "ભાઈ, આગલો વકીલ છે, અને પાછળના તેના
અસીલ છે!!!"

(૫૩) શેઠે પૂછ્યું, "અલ્યા મજૂર, પાવડો ક્યાં?"
"કોદાળીની પાસે, સાહેબ." "અને કોદાળી ક્યાં?" "પાવડાની
પાસે." "અને એ બન્ને ક્યાં છે?" "બન્ને સાથે છે સાહેબ."

(૫૪) એક વખત ફુટ નામના પ્રખ્યાત નાટકકારે ડયુક ઓફ

કમ્બરલાંડને જમવા નોતર્યો. ડયુક જ્યારે જમવા આવ્યો ત્યારે ઓરડો ઘણો નાનો જોઈને બોલ્યો કે- " કેમ ફુટ, આ ઓરડી તો કુક્કર પુરીએ એવડીએ નથી." ફુટે તુરત જવાબ આપ્યો, ' મેહેરબાન સાહેબ, તેટલા માટે તો હું આંહી કુક્કર કદી પૂરતોજ નથી !!"

(૫૫) એકવાર એક મંડળીમાં કેટલાક જુવાનીઆઓ એક માતેલા શખ્સની ઠેકડી કરતા હતા. એક જણે મશ્કરી માં કહ્યું કે- "તમારા અંગપર જેટલી ચરબી છે, તેટલું ઘાસ હોત તો તમે એક ઘણી ભારે ઘાસની ગંજી થઇ પડત !! માતેલા ગૃહસ્થે જવાબ દીધો કે. "ભુલતો ન હોઉં તો હાલ માં હું પોતે ઘાસની એક ગંજીજ થઇ પડયો છું. કેમકે કયારના કેટલાક ગધેડાઓ મારી આસપાસ ભમી મને કંટાળો આપ્યા કરે છે. આ પ્રમાણે બોલવામાં પેલા ગૃહસ્થની મતલબ પોતાને ચીડવનારાઓને ગધેડા કહેવાની હતી, અને તેના એ હાજર જવાબથી પેલાઓને શરમાઇને ચુપ થઇ જવું પડયું.

(૫૬) એક સ્ત્રીના દેખતાં એક પુરૂષ, બીજા એક પુરૂષની તારીફ કરવા લાગ્યો કે "એનામાં અક્કલનો ભંડોળ ઘણો છે." સ્ત્રીએ તુરત જવાબ આપયો કે 'હા હશે. એ પોતાની અક્કલ કોઈ દહાડો ખરચે તો ભંડોળ ખૂટે કેની?

(૫૭) એક ફ્રેંચ માર્કવીસની ઉપર મછવાકેથી કુંદાનો માર પડ્યો, તોપણ તે આખાડા કરી ગયો. તેપરથી

તેના એક મિત્રે તેને કહ્યું કે–"આવી બાબતમાં તું અખાડા કરી જાય છે, એ તારી આબરૂને શોભા લગાડનારૂં નથી. તને કાંઇ તારી આબરૂની દરકાર છે કે નહીં?" પેલા મારકવીસે ઉત્તર આપ્યો કે, "છટ! મારી પીઠ પાછળ થાય તેની કાંઈ હું દરકાર કરતો નથી !!!"

(૫૮) એક દિવસે એક ડોસી ગધેડાં ચરાવતી હતી, તેવામાં એક છોકરાએ તેને કહ્યું કે, "સાહેબજી, ગધેડાની મા!" ડોસી બોલી કે "સાહેબજી, મારા દીકરા!"

(૫૯)એક અકકલસાગર પાદરીએ ત્રણ કલાક સુધી ભાષણ કરીને પોતાના એક દોસ્તને કહ્યું કે, "દોસ્ત, ખુબ થાકી ગયો છું." દોસ્તે પાધરો જવાબ આપ્યો કે, "ભાઇ ત્યારેજ તમે અમારી કદર બુઝી શકો"

(૬૦) એક ગશ્કરાએ જણાવ્યું કે "આજે મેં ભૂત જોયું," ત્યારે કોઈએ તેને પૂછ્યું કે, "તેની સાથે તમારે શું વાત ચીત થઇ?"તેના જવાબમાં તેણે જણાવ્યું કે, "ભાઇ,તે હું કેમ જાણી શકું? કેમકે મુએલાંઓની ભાષાનો મેં અભ્યાસ કર્યો નથી."

૧૨ ભણ્યા પણ ગણ્યા નહીં !

(૬૧) સર આઇસાક ન્યુટનને શિઆળાની ઋતુમાં એક સાંજે ઘણી ટાઢ વાવા લાગી; તેથી તરતની સળગાવેલી એક સગડી પાસે ખુરશી નાખીને બેઠા. ધીમે ધીમે

સઘળાં લાકડાં સળગ્યાં, તેથી ન્યુટનને એટલી તો ગરમી લાગી કે ચાકરને બોલાવવા માટે તેણે જોરથી ઘંટ વગાડવા માંડયો, પણ ભોગજોગે ચાકર એટલામાં હાજર નહોતો, એટલે તે આવી શકયો નહીં. ઘણી ગરમીથી ન્યુટન અરધો પરધો શેકાઇ ગયો ત્યારે તેનો ચાકર તેની પાસે આવી પહોંચ્યો. ન્યુટન મોટો પોકાર મારીને બોલ્યો કે, "અરે આળસુ માણસ, આ સગડીને એકદમ ખસેડી નાંખ, નહીંતર ગરમીથી હું બળી મરીશ!" એ ઉપરથી ચાકરે જરા હસીને કહ્યું કે "સાહેબ, તમે તમારી ખુરશીને જરા દૂર નહીં લઈ શકો?" ન્યુટને જવાબ દીધો "ખરે ખર, અત્યાર સુધી મને એવું સાંભર્યુંજ નહીં!!!

(૬૨) એક પંડિત તરવા શિખવાની પેહેલીજ કોશીશમાં ડૂબતો ડૂબતો બચ્યો, ત્યારથી તેણે સોગન ખાધા કે "જયાં સુધી મને પાકે પાકું તરતાં આવડે નહીં, ત્યાં સુધી મારે પાણીમાં પગ બોળવો નહીં!!!

(૬૩) બીજા એક પંડિતને પોતાનું ઘર વેચવું હતું, તેટલા માટે ઘરની દીવાલમાંથી એક ઈંટ કાઢીને નમુના દાખલ બજારમાં સૌને બતાવતો હતો!!

(૬૪) ત્રિજા એક પંડિતને એવો વિચાર થયો કે ઉંઘતી વખતે હું રૂપાળો દેખાઉં છું કે નહીં, તેની ખાતરી કરવા માટે પોતાની આગળ એક આરસી મૂકીને આંખો મિંચીને સૂતો!!!

(૬૫) ચોથો એક પંડિત દાકતરને જોઇને એક ખૂણામાં સંતાઇ ગયો. દાકતરે તેનું કારણ પૂછ્યું ત્યારે તેણે જવાબ આપ્યો કે હું એટલું તો થયું આજારી પડયો નથી, તેથી તમને મળવાને મને મોટી શરમ આવે છે!!!

(૬૬) પાંચમો એક પંડિત પોતાના મિત્રને મળતી વખતે કહેવા લાગ્યો કે "ભાઈ, મેં તો સાંભળ્યું છે કે તમે મરી ગયા." તે મિત્રે કહ્યું કે, "પણ તમે જુઓ છો કે હું તો જીવતો છું!" ત્યારે પંડિતજીએ ગંભીરાઇથી જવાબ દીધો કે "હા, તમે એમ કહો છો; પણ તે હું કેમ માનું? કેમકે જે ધણીએ તમારા મોતની ખબર આપી છે, તેના પર હું વધારે ભરોસો રાખું છું!!!"

(૬૭) છઠ્ઠા એક પંડિતને કોઇએ કહ્યું કે "કાગડો બસેં વરસ જીવે છે." તેનો અનુભવ લેવાને એક કાગડો લાવીને તેણે પાંજરામાં પુર્યો!!

(૬૮) સાતમો એક પંડિત વહાણમાં મુસાફરી કરતો હતો, તેવામાં વંહાણ ભાગવાથી સઘળા ધાસ્તીમાં આવી પડ્યા. તે વખતે બીજા લોકો દરિઆમાં તરતા રહેવાને વહાણપરથી તરેહવાર ચીજો લેતા હતા, તે જોઇને પંડિતજીએ એક લંગર લીધું!!

(૬૯) આઠમો એક પંડિત પોતાના પુસ્તકમાં નિમગ્ન હતો, તેવામાં એક નાની છોડીએ આવીને દેવતા માગ્યો. પંડિતજી બોલ્યા કે, "છોડી, હું તને દેવતા તો આપું, પણ કડછી વગર તું લઇશ શેમાં?" એમ કહીને પં-

ડિતજી એક નળિયું ગોતવાને ઉઠયા, તેવામાં પેલી નાની છોડીએ ચુલા આગળ જઇ હાથમાં રાખ લઇ તેપર દેવતા મૂકયો! આ જોઇને પંડિતજી તો છકકજ થઇ ગયા અને બોલ્યા કે, " હું આટલાં આટલાં પોથાં ભણ્ગો, પણ આટલું જ્ઞાન મારામાં હજી આવ્યું નથી !!! "

(૭૦) એક આયરીસ વકીલને એક દહાડો ગામ જવું પડયું, તેથી તે પોતાની ઓફિસ આગળ આ પ્રમાણે જાહેર ખબર લખી ગયો. " મારે કાંઇ કારણસર પારિસ જવું પડયું છે માટે જેઓને જરૂર હોય તેઓએ ત્યાં આવવું, અને જેઓ વાંચી શકતા ન હોય તેઓએ આ જાહેર ખબર પાસેની દુકાનપર લઇ જવી, એટલે તે વાંચી આપશે !!! "

[૭૧] અગાઉના વખતમાં એક બાદશાહ થઇ ગયો છે, જેણે પોતાના એક શાહજાદાને જોતિષની કેળવણી આપવાને એક કાબેલ નજુમીને સોપ્યો. તેણે થોડા વરસ સુધી ઉત્તમ પ્રકારે તાલીમ આપીને શાહજાદાને હોંશિયાર બનાવ્યો, પછી બાદશાહને કહ્યું કે હવે તેની પરિક્ષા કરી જુઓ. બાદશાહે કચેરી ભરીને પોતાના હાથમાં કિંમતી પથરાની એક વિંટી પકડીને શાહજાદાને પૂછયું કે " મારા હાથમાં શું છે? " શાહજાદાએ પોતાની ગણતરી કરીને કહ્યું કે, " પાદશાહ સલામત, આપના હાથમાં પથ્થર છે ! " બાદશાહે ખુશી થઇને પૂછયું કે " કેવો પથ્થર ? " શાહજાદાએ પાછો વિચાર કરીને કહ્યું કે "ઘં-

ટીનું પૈડું છે ! ” આ સાંભળી બાદશાહ હસી પડયો અને કહ્યું કે “ મૂરખા, હાથેળીમાં તે શું ઘંટીનું પૈડું સમાતું હશે ?! ” “ ભણ્યો પણ ગણ્યો નહીં ! ”

૧૩ પકકા ભિક્ષુકો.

[૭૨] માક્સિમિલીઅન નામના શેહેનશાહને એક ભિખારીએ કહ્યું કે—“ આપણે સઘળા એક બાપના દીકરા છીએ. ” તે ઉપરથી તે શેહેનશાહે તેને એક રૂપિઓ બક્ષિસ આપ્યો. ભીખારી બોલ્યો કે “ આપના સરખા શેહેનશાહ થઇને આટલી નાની બક્ષિસ કરે તે ઘણીજ થોડી અને નજીવી કહેવાય. ” ત્યારે શેહેનશાહે જવાબ આપ્યો કે “ એ ખરી વાત, પણ એક બાપના કાંઈ આપણે બેજ દીકરા નથી, પણ કરોડો છે, તેઓ તને થોડું થોડું પણ આપશે તો તું મારા કરતાં પણ મોટો થઇ પડીશ.”

(૭૩) એક ભિક્ષુકે એકવાર એક ઉદાર સ્ત્રીને કહ્યું કે, “ જો તમે મને કાંઇ પણ નહીં આપો તો મને ધાસ્તી લાગે છે કે જે કરવાની મારી મરજી નથી, અને જેને હું અંતઃકરણથી ધિક્કારૂં છું, તે મારે કરવુંજ પડશે. ” આવું સાંભળીને તે પરોપકારી સ્ત્રીએ તેને અરધો રૂપિઓ રોકડો આપ્યો. પછી તેને પૂછયું કે “ સાચે સાચું કહે કે મેં તને કયી પંચાતમાંથી છોડાવ્યો ? ” ભિખારીએ દિલગીર ચેહેરે ઉત્તર આપ્યો —“ ઉદ્યોગ !! ”

(૭૪) ફ્રાન્સમાં કેટલાએક મોટા ઘરના ભિખારીઓ હોય છે, તેઓ જે ઘરને લગતા રહેતા હોય ત્યાં સવારના પહોરમાં જઇ ભીખ માગી લાવે છે. એવા ઘરનો એક ભીખારી એક દિવસે રોજના નિયમ પ્રમાણે સવારના પહોરમાં ભીખ માગવા ગયો, ઘર ધણીઆણી આગલી રાતે મોડી સૂવા ગયેલી હોવાથી વેહેલી ઉઠી નહોતી, તેથી બારણું બંધ હતું. પેલો ભિખારી થોડીવાર સૂધી વાટ જોતો ત્યાં ઉભો રહ્યો. કેટલીક વારે ચાકરે બારણું ઉઘાડયું ત્યારે ભિખારીએ પૂછ્યું કે—"શેઠાણી ક્યારે ઉઠશે?" ચાકરે કહ્યું કે "કલાક કે દોઢ કલાક લાગશે." એ સાંભળીને ભિખારી ગુસ્સે થઇને બોલ્યો કે "તારી શેઠાણીને મારે નામે કહેજે કે કાલથી તમે બીજો ભિખારી શોધી લેજો !!! "

(૭૫) ભિખારીઃ—"મુરબ્બીજી, ગરીબને કાંઇ બક્ષીસ ?"

ગૃહસ્થઃ—" આવડું મોટું ડીલ ઘાલી ભિખ માગતાં તને શું શરમ નથી આવતી ? હું ધારૂંછું કે તું કામ કરવાને પુરતો શક્તિવાન છે."

ભિખારીઃ—(તુંદાઇથી) "સાહેબ, હું તમારી પાસે ભિખ માગું છું. શિખામણ નથી માગતો !!! "

૧૪ દુકાનદારો અને તેઓના ગ્રાહકો.

(૭૬) એક માણસે એક વેપારી પાસેથી ઘોડો વેચાતો લીધો, તેમાં એવી સરત કરી હતી કે, અર્ધા પૈસા પેહેલા આપવા અને અર્ધાનો દેવાદાર રહેવું. જ્યારે થોડા વખત પછી બાકી રહેલા પૈસાને માટે દુકાનદારે ઉઘરાણી કરી ત્યારે તેણે જવાબ વાળ્યો કે "ભાઇ, આપણી સરત એછે કે મારે અર્ધી રકમનો દેવાદાર રહેવું. એમ છતાં બાકીના પૈસા હું તમને આપી દઉં તો પછી તમારો દેવાદાર શી રીતે કહેવાઉં ? વાસ્તે બા, હું તે સરત તોડી શકતો નથી. હું તમારા નાણાનો કરજદાર છું. હું ના પાડતો હોઉં અને તમે મારો વાંક કાઢો તો સારા પણ લાગો. જાઓ મેહેરબાન, હવે ફરીથી તસ્દી ના લેતા !! "

(૭૭) એક વેળા પાંચ વરસનો એક નાનો છોકરો બાબકામાંજ એક ગાધીની દુકાને જઇને પૂછવા લાગ્યો કે—"મારે બે પૈસાની સાકર જોઈએ છીએ, માટે જો હું રોકડા પૈસા આપું તો કેટલી સાકર આપશો અને ઉધારે લઉં તો કેટલી આપશો ?" ગાંધીએ જવાબ દીધો કે "ગમે તેમ લો, પણ સાકર તો સરખીજ મળશે."

આ સાંભળી પેલા પોરિઆએ પોતાના હાથમાંના પૈસા પોતાના ગજવામાં નાખી દીધા, અને થોડીવાર વિચાર કરી બોલ્યો કે " ત્યારે તો ઉધારજ આપો !!! "

(૭૮) એક દહાડો એક બેહરી ડોશી કંઇ માલ ખરીદવાને બજારમાં ગઇ. ત્યાં એક વસ્તુ ઉપાડી લઇને દુકાનદારને તેણે પૂછ્યું કે, " બાઇ, આની શી કિંમત ? " દુકાનદારે જવાબ આપ્યો—" સાત આના " તે બાઇ સમજી કે બાર આના માગ્યા તેથી તે બોલી કે " હું તો નવ આના આપીશ. " દુકાનદારે ફરીથી કહ્યું " બાઈ, સાત આના. " ડોશીએ કહ્યું " હં ! સાત આના કે? ત્યારે તો હું પાંચ આના આપીશ !! "

૧૫ વકીલો અને તેમના અસીલો.

(૭૯) એક શખ્સ વકીલ કરવા ગયો. વકીલે તેનો કેસ સાંભળી લેઈને તેને પૂછ્યું કે, 'તમે એ સઘળી હકિકત તમારા સામાવાળીઆને કહી છે ?" પેલાએ હા પાડી, તેથી વકીલે પાછું પૂછ્યું "અને ત્યારે તેણે શું કહ્યું ?" અસીલે જવાબ આપ્યો," સાહેબ, તેણે કહ્યું કે તારે ગમે તે કરી લે—જોઇએ તો દોજખમાં સેતાન પાસે જા." વકીલે પૂછ્યું, "પછી તમે શું કર્યું ?" પેલાએ ભોળાઇથી જવાબ આપ્યો, "શું સાહેબ ? વળી હું તમારે ત્યાં તમારી પાસે આવ્યો !! "

(૮૦) એવું કદાચજ બનેછે કે વકીલને ઘેર ગયેલા વાંધા ઘર મેળે પતે. તોપણ જો કોઈ ખરા વિશ્વાસુ અને એ-

ફીનદાર વકીલ સાથે કામ પાડયું હોય તો વાંધાનો નિકાલ ઘર મેળેજ આવી જાયછે. એક વાર કોઈ બે પાડોશીઓ વચ્ચે છાપરૂં ચડાવવાનો કાંઈ નજીવો વાંધો પડયો. બન્ને પાડોશીઓ એક બીજા ઉપર ગુસ્સે થયા અને વાંધાનું મૂળ જુઓ તો ચાર પાંચ રૂપિઆનું ખરચ. અંતે વાત વધી પડી, અને એક જણુ પાધરો વકીલ પાસે ગયો. વકીલના ધારા પ્રમાણે તેની ગસલત લેવાના લવાજમ દાખલ પંદર રૂપિઆ મૂકીને પોતાની બધી હકિકત તેને કહી સંભળાવીને મત પૂછયો કે--"મેં લીધેલો વાંધો વાજબી છે કે નહીં?" વકીલે ધીરજથી જવાબ દીધો કે "ભાઇ, તમે બધી વાત ગાંઠી વાળો તો ઠીક "કજીઆનું મોં કાળું" કરો. શા વાસ્તે બે પાડોશીઓ લડી મરોછો? લો આ પાંચ રૂપિઆ હું મારી તરફથી આપુંછું, તેથી તમે એ છાપરૂં ચડાવો, ને વાંધો પતાવી દો." એમ કહી પોતાને મળેલા પંદર રૂપિઆમાંથી દશ રૂપિઆ હળવેથી ગજવામાં મુકી, બાકીના પાંચ રૂપિઆ ભોળાનાથને આપીને રવાના કર્યો. ભાઈ પણ અકકલના સાગર તેથી ખુશી થયા ને મનમાં બબડયા કે ચાલો ઠીકજ થયું! પાંચ રૂપિઆ બારોબારથી મળ્યા! અને કોર્ટમાં લડવાની માથાકૂટ મટી!!!

૧૬ રોકડા જવાબ.

(૮૧) એક માણસ કાંઇ ધંધો ન કરતાં મિત્રોમાં ઉદ્ધ-

રાણું કરીને પોતાનું ગુજરાન ચલાવતો; એથી તેના સઘળા મિત્રો કંટાળી ગયા હતા. એક વખત તે પોતાના એક મિત્રને રસ્તામાં મળ્યો, અને કહ્યું કે. મારે કાંઇ કામ સારૂ રુપિયા જોઇએ છીએ તેથી,આ ખરડામાં કાંઇક ભરો તો ઠીક. દોસ્તે પૂછ્યું " કેટલા રૂપિયા જોઇએ છીએ ? " ચોગડા ઊપર બે મીંડાં. બસ એટલાજ કે ? ત્યારે મારે નામે એક મીંડું લખ ભાઈ! અને ચોગડો તથા બીજું મીંડું આપનાર વળી કોઈ મળી રહેશે, એમ કહીને તે ચાલતો થયો.

(૮૨) એક સ્ત્રીએ મહાન ફ્રેડરીક બાદશાહને અરજ કરી કે સાહેબ, મારો ધણી મારી સાથે ઘણી ખરાબ રીતે વર્ત્તેછે, તેનો કાંઈ બંદોબસ્ત કરવો જોઇએ. રાજાએ કહ્યું. બાઈ, એ કાંઇ મારૂં કામ નથી. તું જાણે ને તારો ધણી જાણે. સ્ત્રીએ કહ્યું, પણ સાહેબ, તે તમને નિંદેછે અને ગાળો ભાંડેછે. રાજાએ કહ્યું ભલી સ્ત્રી, એમાં તને શું લાગે વળગે છે? એ કાંઇ તારૂં કામ નથી. . .

(૮૩) એક ઓલીઆએ એક હજામના છોકરાને પૂછ્યું કે તેં કોઈ દહાડે વાંદરાની દાઢી કરી છે? હજામ બોલ્યો, નહીં સાહેબ, કૃપાકરી આજે બેસો તો અજમાવી જોઉં !!

(૮૪) એક જમાદાર ઘોડા ઉપર બેસી એક ગામથી બીજે ગામ જતો હતો. રસ્તામાં એક ખેતરમાં બીડી સળ-

આવવા તે ઘોડાપરથી હેઠે ઉતર્યો. તેને જોઈ ખેતરનો માલિક બોલ્યો--"ભાઇ સાહેબ, સરકારે બીડી પીવાનો કશો કાયદો કીધો નથી, એમ છતાં તમે બીડી કેમ પીઓછો?" જમાદાર બોલ્યો—"ખરૂં, પણ ભાઇ, ઇશ્વર તને ચોખ્ખું અનાજ કણુસલામાં આપેછે, તે છતાં તું વેચવા જાયછે ત્યારે તો તેમાં ભારોભાર કાંકરા ને કચરો ભેળવેછે; ત્યારે તને ઇશ્વર તરફથી એમ કરવાને કશો હુકમ મળ્યો છે કે?"

(૮૫) સિકંદર બાદશાહે એક ચાંચીઆને કેદ કરી પૂછ્યું કે—તું કયા હકથી દરિઆમાં ચોરીઓ કરેછે? તેણે ઉત્તર આપ્યો કે—"જે હકથી સિકંદર બાદશાહ પૃથ્વી ઉપરના દેશો પોતાને તાબે કરેછે તેજ હકથી હું દરિયામાં ચોરીઓ કરૂંછું. ફરક માત્ર એટલોજછે કે હું માત્ર એક વહાણનોજ ધણી છું માટે ચાંચીઓ કહેવાઉં છઉં, અને તારી પાસે મોટું લશ્કર તથા વહાણની ફોજ છે વાસ્તે તું પૃથ્વી જીતનારો કહેવાય છે. પણ મૂળ જોવા જઈએ તો એકજ છો!!!

૧૭ અજાયબ જેવાં વસિયતનામાં.

(૮૬) એક વકીલે વસીયતનામું કર્યું તેમાં લખ્યું કે મારી સઘળી માલમિલ્કત ગાંડા લોકોને આપી દેજો. કોઇએ તેનું કારણ પૂછ્યું ત્યારે તે બોલ્યો કે—મારી સઘળી દોલત મેં એવા લોકો પાસેથી મેળવી હતી, એટલે હવે હું તેમને પાછી આપી જાઉંછું.

(૮૭) એક બુઠ્ઠા ખેડૂતે એક વકીલને ત્યાં જઇ પોતાનું વસિયતનામું ઘડાવ્યું. વકીલે પૂછ્યું કે—ભાઈ તારી ઓરતનું નામ શું? ખેડૂતે જવાબ દીધો કે—ભાઇ, મારી ઓરતનું નામ હું જાણતો નથી. જો કે હું ચાળીશ વરસ થયાં પરણ્યોછું પણ હું હમેશ તેને મારી બુઠ્ઠી કહી હાક મારૂંછું. એ ઉપરથી વકીલે તેના વસિઅતનામામાં ખાલી જગ્યો રાખી અને ખેડૂતને કહ્યું કે—જ્યારે તને તારી બુઢ્ઢીનું નામ જડે, ત્યારે તે જગ્યાએ લખજે.

(૮૮) એક ફ્રેન્ચ વેપારીને માટે કહેછે કે—તેની પાસે પૈસા હોવા છતાં એક સ્ત્રીની સાથે પરણવાને તેણે ૨૦ વખત માગણી કરી અને દર વખતે તે સ્ત્રીએ તેને પોતાના ભરથાર દાખલ કબૂલ કરવાની ના પાડી. આ ઉપરથી તે વેપારી કુંવારોજ રહ્યો, અને તે જીંદગીમાં તેણે જે "સ્વતંત્ર અને સુખી જીંદગી" ગુજારી તેના એહેશાનમાં તે, તે સ્ત્રીને મોટો વારસો આપતો ગયો. . .

(૮૯) મિ૦ જૉર્જ નામે એક ધણી પોતાના વસીયતનામામાં લખી ગયો કે એક ખુબસુરત સરકાશીયન સ્ત્રી સાથે લગ્ન થયાં પછી અમારે પેટે એક દીકરો અને એક દીકરી પેદા થયાં હતાં, અને ત્યાર પછી જો કે એ સુંદર સ્ત્રી એ બાળકોને લઇને કોઈ દિલદાર સાથે નીકળી ગઇછે, તોપણ હું તેના ઉપલાં બન્ને બાળકોને મારી સર્વે માલમિલકત બક્ષી જાઊંછું. તપાસ કરતાં માલમ પડ્યું કે ઉપલો

ધણી કોઇ પણ સરકાશીઅન સ્ત્રી સાથે પરણ્યોજ મહોતો —એટલે તેમને પેટે બાળકો થાય એવી આશાજ શું કરવા રાખવી? પણ તેણે માત્ર પોતાની કલ્પનાથી ઉપરની વાત લખી કાઢી હતી!

(૯૦) વિલાયતમાં એક શખ્સે ઇ. સ. ૧૭૨૯ માં નીચે મુજબ પોતાનું વસીયતનામું કીધું હતું. "મારી પાસે ફુટી બદામ નથી. ઘણા લોકોનું માથે દેવું છે. બાકી જે રહ્યું તે ગરીબ ગરબાંને આપી જાઊંછું!!!"

(૯૧) એક માણસે મરવા પહેલાં પોતાની પાસે વકીલને બોલાવીને વસીયતનામું લખાવવા માંડયું. તેમાં પોતાના સગાવહાલાંઓને મોટી રકમો આપવાનું લખાવવાનું શરૂ કર્યું. કોઇને ૧૦ હજાર, કોઇને લાખ, તો કોઇને દસ લાખ એમ કરતાં તે એટલી બધી હદ સૂધી ચાલ્યો કે આખરે વકીલે વધુ લખવાની ના પાડી અને પૂછયું કે "બુઢ્ઢાજી, તમારી પાસે એટલી બધી દોલત કયાંછે? કે આગ સર્વેને છૂટે હાથે ન્યાલ કરવા નીકળ્યા છો?" બુઢો ડોળા ફેરવીને બોલ્યો કે "એતો હું પણ જાણું છું કે મારી પાસે ફુટી બદામ પણ નથી પણ મારા સગાવહાલાંઓ કાંઈ નહીં તો હાલ એટલાથી તો રાજી થશે!!!"

(૯૨) જોન મંક હાઉસ નામે એક માતબર પાદરીને માટે કહેછે કે તે મરણ પામ્યો ત્યાં સુધી કુંવારો હોવાથી તેના સગાઓ તેના મરવાની વાટ જોતા હતા, પણ જ્યારે તેનો

મરણ પછી વસિયતનામું મળ્યું, ત્યારે તેમાં તેણે રૂ ૧૧૮૦૦૦ ની રકમ વ્યભિચારથી પેદા થયેલાં બાળકોને રાખવા સારૂ એક ધરગશાળા બાંધવા માટે અને રૂ ૮૦૦૦ તેઓને કેળવણી આપવા માટે બક્ષિસ કરવાનું લખી ગયો હતો!!

(૯૩) એક આયરીશનું વસિયતનામું—મારી પ્યારી સ્ત્રી બ્રિજેટને મારી સઘળી માલમિલ્કત કાંઇ પણ રાખ્યા સિવાય વારસામાં આપું છું. મારા મોટા છોકરા પેટ્રીકને બાકીનાનો $\frac{1}{2}$ આપું છું. અને મારા નાના છોકરા ડેન્ટીસને બાકી રહે તે આપું છું. પછી જે કાંઇ બાકી રહે તે દેવળ અને ધર્મશાળા વગેરેના કામમાં હાથ મોકળો રાખી સુખેથી વાપરજો!!

૧૮ મેહેતાજીઓ અને તેમના નિશાળીઆ.

(૯૪) એક દહાડો એક શિક્ષકે પોતાના વર્ગના નિશાળીઆઓને સવાલ કર્યો કે મગરમછ એટલું બધું પાણી પોતાના પેટમા ભરીને શું કરતું હશે ? સઘળા છોકરા વિચાર કરેછે, તેવામાં એક વ્યાજખોરાનો છોકરો હતો તે તરત બોલી ઉઠ્યો કે સાહેબ, તે થોડું વ્યાજે મૂકતું હશે !

(૯૫) એક નિશાળમાં સ્ત્રી શિક્ષકે પોતાના વર્ગમાં કહી સંભળાવ્યું કે ગરજ પડે ત્યારેજ શોધ જન્મ લે છે, એટલે " ગરજ, એ શોધની માતા છે. " પણ ત્યારે

ગરજનો પિતા કોણ હશે? એવો સવાલ એક ખુણામાં બેઠેલી છોકરીએ તરત પૂછ્યો, જેનો જવાબ આપતાં પેલો શિક્ષક ગભરાઇ ગઇ !!

(૯૬) પરિક્ષક—બોલ છોકરા આ જગતમાં કોઇ એવું પ્રાણી હશે કે જેને મુદ્દલ દાંત ન હોય, જો હોય તો તેનું નામ દે.

છોકરો—હા સાહેબ, તેવું પ્રાણી મારી બુઢ્ઢી માની મા છે !!!

(૯૭) માસ્તર—(ઘડીઆળમાં જોઇને) ઘંટ વગાડવાને થોડી મિનિટ છે, તેટલામાં કોઇને પૂછવું હોય તે પૂછો.

છેલ્લો છોકરો:—સાહેબ, ઘંટ વાગવાને હવે કેટલી વાર છે ?

(૯૮) માસ્તર—કેમ ? તમે મારા સવાલથી ગુંચવણમાં પડયા છોકે ?

નિશાળીઓ:- ના સાહેબ, શું જવાબ આપવો તેની ગુંચવણમાં પડયો છું !!!

(૯૯) ઠીક વિચાર—એક નિશાળના ઓરડામાં બે નાની છોડીઓ ૭ અને ૯ વર્ષની પોત પોતામાં ધીમેથી વાત કરતી હતી. એક બોલી કે વારૂ, આપણી શિક્ષકને જાણે કોઇ પિસ્તોલ મારે તો કેવી મજા પડે ? બીજીએ જવાબ દીધો જે હા ખરી વાત. એ સાથે નિશાળમાં પણ આગ લાગે તો જન્મ સુધીની પીડાજ મટી જાય !!!

(૧૦૦) **માફી**—એક સ્ત્રી શિક્ષકે એક નાની છોડીને શીખામણ દેતાં કહ્યું કે “ જોની બેન, તને કોઇ ખરાબ મસ્તીખોર છોડી હેરાન કરે તો પણ ડાહી છોડી દાખલ તું તેને માફ કરજે. કેમ કરશે કે નહીં ? ” એના જવાબમાં તે નાની છોડી બોલી ઉઠી—“ હા જો તે મારા હાથમાં નહીં આવશે તો એમ કર્યા વગર છુટકો નથી !! ”

(૧૦૧) **એક ચાલાક છોકરો**—એક છોકરાને તેનો બાપ ભણાવવાને સારૂ ગુરૂની પાસે લઈ ગયો, અને ત્યાં તેને સોંપ્યો–ત્યારે ગુરૂએ કહ્યું કે છોકરા તું આંહી રહીને ભણજે. પણ હું તો ગરીબ છું, તેથી જે આપું તે ખાવું પડશે ? મેં એવો ધારો બાંધેલો છેકે છોકરાઓને નહીં ભાવે એવી વસ્તુ તેઓને ખવરાવવી, કે થોડું ખાઇને તેઓ જલદી ભણતાં શીખે. તે પરથી પેલા છોકરાએ તરત જવાબ આપ્યો કે—ઠીક છે મહારાજ, પણ બદામી હલવા સિવાય બીજું સર્વે મને ભાવેછે—તે હલવો તો મારે ગળે પણ ન ઉતરે !!!

(૧૦૨) એક છોકરો એક વાજિંત્ર શિક્ષક પાસે “ ફીડલ ” શિખવા ગયો. ફીડલ માસ્તરે પોતાની ફી વિષે કહ્યું કે—“ હું પેહેલે મહિને છ રૂપિઆ, અને બીજે મહિનેથી બે રૂપિઆ લઈશ ” આ સાંભળીને તે છોકરો બોલ્યો—“ ત્યારે તો સાહેબ, હું બીજે મહિનેથી આવીશ, કે જેથી મારા ગરીબ ઘરમાં જરા કિફાયત પડે !! ”

(૧૦૩) ભલા થનારના ભોગ ?

નાની બહેન—કેમ ભાઈ, આજે તું નિશાળે કેમ ન ગયો ? આજે તને છુટી શાની મળી ?

નાનો ભાઇ—કેમકે મારા વર્ગનો માસ્તર મરી ગયો, તેથી નિશાળ બંધ રાખી છે.

નાની બેન—હેં ! ક્લાસનો માસ્તર મરી ગયો તેથી કંઈ નિશાળ બંધ રાખતા હશે.

નાનો ભાઇ—હા, કેમકે તે માસ્તર ઘણોજ ભલો હતો, તેથી બધા માસ્તરોએ ઠરાવ કર્યો જે તેની ભલાઇની યાદગીરી રાખવા માટે નિશાળ બંધ રાખવી જોઈએ.

નાની બહેન—એમ ? અરે ! ત્યારે તો મારી નિશાળનો મારા વર્ગનો માસ્તર પણ મરી જાય તો ઘણુંજ સારૂં, કેમકે તે પણ ઘણોજ ભલોછે, તેથી તે મરે તો અમારો વડો માસ્તર પણ નિશાળ બંધ રાખે, ને તેથી અમને પણ છુટી ભોગવવાની મજા પડે, કેમ ભાઇ ?

નાનો ભાઇ—હા ! મારી નિશાળના કેટલાએક છોકરાઓ પણ પોતાના ભલા માસ્તરોની મરવાની રાહ જોયાજ કરેછે !

૧૯ શેઠ અને ચાકર.

(૧૦૪) એક શેઠના ઘર આગળ બે ત્રણ ગાડીઓ હતી, તેમાંથી એક ગાડીની બતી કરવા તેણે પોતાના ચાકર-

રને કહ્યું—ત્યારે બળતો ભડકો લઇ આવીને મશ્કરા ચાકરે પૂછ્યું કે કઇ ગાડી સળગાવવી છે? તેથી શેઠનો મિજાજ ગયો અને ધમકાવીને કહ્યું કે--ગાડીનાં ફાનસ સળગાવ.

"ાવ સમજે ભાવાર્થને, કરે કાંઇનું કાંઇ;"
"ફાનસ સળગાવો કહ્યું, નાંખ્યું ભડકામાંય !!"

(૧૦૫] પડતાં પણ આવડે ખરૂં—એક જુવાન શખ્સ ઘોડા ઉપર સ્વારી કરવા શિખતો હતો, તે એક દહાડે ઘોડો દોડાવતાં પડી ગયો પણ તેને કાંઈ ઇજા થઇ નહીં. ઘોડાપરથી પડયાની ખબર તેને ઘેર પહોંચવાથી કેટલાએક ચાકરો દોડી આવ્યા. એક જણાએ પૂછ્યું કે--શેઠ તમને ઘણું વાગ્યું હશે?" શેઠે કહ્યું—ના ભાઇ ઇશ્વર પ્રતાપે કાંઇ વાગ્યું નથી. ત્યારે બીજાએ આશ્ચર્ય પામીને કહ્યું કે—ઘોડા ઉપરથી પડી ગયા પણ વાગ્યું નહીં એ તો અચરજની વાત. પણ ત્રીજો મશ્કરો હતો, તે તરત બોલી ઉઠયો કે ભાઇ, આપણા શેઠને ઘોડા ઉપર બેસતાં તો આવડતું નથી, પણ ઘોડાપરથી પડતાં ઘણી સારી રીતે આવડેછે, તેથીજ એમને વાગ્યું નથી. બાકી જો પડતાં ન આવડતું હોત તો હાડકાં પાંસળા કયારનાંએ રંગાઇ ગયાં હોત !!!

(૧૦૬) એક શખ્સ ઘણોજ અફીણી હતો તેણે પોતાના ઘરમાં એક ચાકર રાખ્યો—તેની સાથે પગાર વગેરેની બોલી કરીને તેને પૂછ્યું કે—તને કોઇ જાતનો કેફ કરવાની ટેવ છે કે નહીં? તેણે જવાબ આપ્યો કે અફીણ સિવાય

બીજો કાંઈ કેફ કરતો નથી. એ સાંભળીને તેનો અફીણી શેઠ ઘણોજ ખુશી થઇ ગયો, અને તેનાં ભારે વખાણ કરી ગજવામાંથી દાબડી કાઢી માંહેથી થોડું અફીણ પોતે લીધું અને થોડું પોતાના નોકરને આપ્યું, તે તે ત્યાંજ ગળી ગયો. પછી પેલા અફીણી શેઠે તેને હુકમ કીધો કે—ચોખા રાંધી લાવ. શેઠને સલામ કરી ચાકર રસોડામાં ગયો, અને ચુલાપર ચોખા મેલી અફીણની કેફમાં ઝોકાં ખાવા લાગ્યો. આ તરફ શેઠ પણ પીસ્તાળો અને અડતાળો જોખવા બેઠા. એમ કરતાં સવારની બપોર થઇ, એ વખતે શેઠને જરા હોંશિઆરી આવી ત્યારે તે બોલ્યો કે—"ભાત થયો કે?" "હા; સાહેબ થાયછે!" એમ જવાબ આપી ચાકર ઝોકાં ખાવા લાગ્યો અને આ તરફ શેઠે પણ તેની નકલ કરવા માંડી, એમ કરતાં સાંજ પડી એટલે રકાબીમાં ભાત લેઇ ચાકર શેઠ પાસે આવ્યો; શેઠે તેને ધમકાવવા માંડયો, ત્યારે તે બોલ્યો કે "આ રહી તમારી નોકરી. આજે તો મેં તમારી બીકે આટલી બધી ઉતાવળથી ભાત રાંધી આપ્યો, પણ હમેશ ને હમેશ આ પ્રમાણે ઉતાવળ કરો તો હું મર્યો જાઉં" એમ કહીને તે ચાલ્યો ગયો.

(૧૦૭) પેહેલા જેમ્સના વખતમાં દાકતર જાસપરમેન નામનો શખ્સ એટલો મશ્કરો હતો કે જ્યારે તે મરવા પડયો, અને જયારે તેણે તથા તેની આસપાસનાએ જાણ્યું કે—હવે તે થોડા વખતમાં મરણ પામશે, તે વખતે પ્રભુ

મશ્કરી કર્યા વગર તેનો જીવ રહ્યો નહીં. તેનો એક ચાકર જે ઘણોજ છાકટો હતો તેને પાસે બોલાવીને કહ્યું કે—" તારે માટે મેં કાંઇ રાખેલું છે, જે મારા મરણ પછી તને મળશે —જેમાંથી તને પુષ્કળ પીવાનું જડશે." ચાકર સમજ્યો કે--શેઠ મરતી વખતે તેને માટે કાંઇ સારી રકમ મેલી જાયછે, તેથી તેણે તેનો ઘણો ઉપકાર માન્યો, અને તેના નજદીક આવતા મરણથી પોતાની મોટી દીલગીરી બતાવવા લાગ્યો. અંતે થોડે દિવસે તેનો શેઠ મરણ પામ્યો ત્યારે તેના નામની એક પેટી હતી તે તેને મળી જેને મોટી ઉલટથી ઉઘાડી જોતાં માંહેથી હેરીંગ જાતની એક સૂકી માછલી નીકળી !!!

(૧૦૮) ફ્રાન્સના પાદશાહ ચોથા હેનરી પાસે એક ઘોડો હતો, તેનીપર તે બેહદ પ્યાર રાખતો હતો. એક વખતે તે ઘોડો ઘણો આજારી પડયો, ત્યારે બાદશાહ ઘણોજ ચીડાઇ ગયો, અને પોતાની પાસે બેઠેલા હતા તેમને કહ્યું કે—જે માણસ મારા ઘોડાના મોતની ખબર મારી આગળ લાવશે તેને હું એકદમ ફાંસીને લાકડે લટકાવી દઇશ. પછી થોડા દહાડામાં ઘોડો મરણ પામ્યો, ત્યારે એ ખબર રાજાને કહેવાની કોઇએ હિંમત ચલાવી નહીં. અંતે એક અમીર તે ખબર કહેવાને તૈયાર થયો, અને તેણે આ પ્રમાણે કહ્યું.

"અરરર, મેહેરબાન તમારો ઘોડો—અરે પેલો સુંદર ઘોડો—તમો સાહેબનો ઘોડો!—ઓ ખોદા! પેલો તમારો બુલંદ ઘોડો!

એવામાં રાજા બોલી ઉઠયો કે—"હું ખચીત કહું છું કે તે મરી ગયો!" પેલા અમીરે તુરત કહ્યું કે—"રાજા સાહેબ, તમને ફાંસી દેવા જોઇએ, કેમકે તમે પોતેજ તમારા ઘોડાના મરણના ખબર કહ્યા!"

(૧૦૯) પ્રુશિઆનો રાજા વીલીઅમ પોશાકપર ઘણો ખરચ કરતો નહોતો. પાદશાહે એક ડગલો પહેરવો જોઇએ તે કરતાં ત્રણ વરસ સુધી તેણે વધારે પહેર્યો, જેથી તેના નોકરે એક દહાડો નવો ડગલો તેના ઓરડામાં મૂકયો. તેપરથી બાદશાહે તે નોકરને પોતાની હજુરમાં બોલાવીને પૂછયું કે—"જોન, મારો જૂનો ડગલો કયાંછે!" જોન બોલ્યો—પાદશાહ સલામત, હવે તે તમારે લાયક નથી. પાદશાહે પૂછયું કે તું તેને શું કરશે? "હું તેને વેચીશ." કેટલા પૈસા તને ઊપજશે? આ સવાલનો જવાબ આપવો એ જરા કઠણ હતું, કેમકે કોઇ દુકાનદાર તેનો અરધો રૂપિઓ પણ આપે નહીં; પણ જોને વિચારીને જવાબ આપ્યો—પાદશાહ સલામત, એના અઢી રૂપિઆ ઉપજશે—પાદશાહે તુરત પોતાની ખીસાંમાંથી તેને અઢી રૂપિઆ આપ્યા. અને કહ્યું કે—"જોન, લે આ તારા રૂપિઆ અને મારો ડગલો પાછો આપ. હજી તે મને જવાબ આપશે."

(૧૧૦) સેહેજ પણ અગત્યનો ફેરફાર—એક દરબારી મશ્કરાએ એકવાર રાજાને કહ્યું કે—સાહેબ, આપના દરબારનો અમીર મશ્કરી કરવા માટે મને મારી નાખવાની

ધમકી આપેછે. રાજાઃ-જો તને મારી નાખશે તો પાંચ મિનિટ પછી તેના પણ તેવાજ હાલ થવાના-મશ્કરાએ કહ્યું —મહારાજ પછીના કરતાં પાંચ મિનિટ પહેલાં તેના એ હાલ કરશો તો સેવક આપનો સદાનો આભારી થશે.

(૧૧૧) એક દાસીને જરા મોડા ઉઠવાની ટેવ હતી, તેથી એક દહાડો તેની શેઠાણી તેને ઉઠાડવા ગઇ, અને કહ્યું કે, દાસી, ચાલ જલદી ઉઠ, જો આજે સોમવાર છે, કાલે મંગળવાર અને પરમદહાડે બુધવાર થશે. જો લગભગ અરધું અઠવાડીઉં તો એમનું એમ ચાલ્યું ગયું અને હજી ફળીઆમાં વાશીદું તો પડેલુંજ છે !!

(૧૧૨) કારખાનાનો ઉપરી—(ગુસ્સે થઇને) ગુમાસ્તા, તું ગધેડા જેવો બેવકૂફ જણાય છે.

ગુમાસ્તોઃ—સાહેબ, એમાં મારો વાંક નથી. નોકરીપર રાખતી વખતે આપે આપના પ્રમાણે ચાલવાને મને ફરમાવ્યું હતું, અને તેમ કરવાને મારાથી બન્યું તેટલું મેં કર્યું છે !!

---

૨૦ અજાએબ જેવા ઇનસાફ.

(૧૧૩) એક સરસ યુક્તિ—એક પૈસાદાર કુટુંબમાં એક સોલા બબરચી અને જીવણ ઘોડાવાળા વચ્ચે સવારના પહોરમાં નાસ્તાને વાસ્તે મલાઈ લાવવાનો રોજ વાંધો ચાલતો હતો એક દહાડે તે શેઠે બન્નેને બોલાવીને તેઓને રોજ શા

માટે વઢવું પડેછે તેનું કારણ પૂછ્યું. સોલાએ કહ્યું કે સ-વારનો સઘળો વખત જીવણ રસોડાની આસપાસ અમસ્તો ભટકયા કરેછે અને એ જુએ છે કે હું રસોડામાં એકલો ગરૂંછું તોપણ મલાઇ લાવવાનું નજીવું કામ પણ તેનાથી થતું નથી. જીવણ તરતજ બોલી ઉઠયો એ ગમે તો મરે કે માંદો પડે પણ મલઇ લાવવાનું કામ કાંઇ મારૂં નથી સાહેબ. શેઠે પૂછ્યું વારૂ ત્યારે તારૂં કામ શું છે?

વળી શું? ગાડી સાફ કરવી, ઘોડાની સંભાળ લેવી, અને ગાડીને હાંકવી.

હા તું બરાબર કહેછે. હું પણ તને મેં જે કામસર રાખ્યો છે તે કરતાં કાંઇ વધારે સોંપવા માગતો નથી. પણ વારૂ મહેરબાની કરીને દર સવારે નાસ્તો જમવાના વખતની અગાઉ હવેથી તું ગાડી જોડીને સોલાને તેમાં બેસાડીને મલાઈવાળાને ત્યાં લેઇ જજે. કેમ? એ તો તારૂં કામ છેને? આ ચુકાદાથી સોલા ને જીવણ વચ્ચે સમજુતી થઇ ગઇ.

(११४) એક વેળાએ એક શખ્સે એક બીજા ધણીને માર્યો, તેની ખબર એક ત્રીજા શખ્સે ઇનસાફ કરનારને આપી તે ઉપરથી તરત તે ન્યાયાધીશે નાજરને હુકમ કીધો કે જલદીથી તે બંને શખ્સોને મારી હજુરમાં લાવ. પણ થોડીવાર પછી તે નાજર ખાલી હાથે પાછો આવ્યો, ત્યારે તે નાજર અને ન્યાયાધીશ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ—

ન્યાયાધીશ—કેમ તે બંધવા કયાં છે ?

નાજર—સાહેબ, મેં તેગને પકડયા હતા.

ન્યાયાધીશ—પકડીને તેમનું શું કીધું ?

નાજર—વળી કરે શું ? પ્રતિવાદીને મેં ૧૫ ફટકા મરાવ્યા.

ન્યાયાધીશ—વાદી (જે ધણીએ માર ખાધો તે) નું શું કીધું ?

નાજર—તેને પણ એ પ્રમાણે ૧૫ ફટકા મરાવ્યા.

ન્યાયાધીશ—વારૂ, એ વાદી પ્રતિવાદીને તો આ પ્રમાણે બાંધી મરાવ્યા, પણ જે ધણીએ આપણને એ વિષે પહેલી ખબર આપી તેને ?

નાજર—તેને તો સાહેબ ૨૫ ફટકા મરાવ્યા એ ધણીને એ પ્રમાણે ફટકા મરાવવાની જરૂર નહોત તો ન મરાવત. જો એ ખબર આપનારે આવીને તે મારામારીની આપણને કશી ખબર આપી ન હોત અને પોતાની જીભ બંધ રાખી હોત તો આપણને આટલી બધી મેહેનત તથા કંટાળો લાગત નહીં. માટે તેને જે વધારે શિક્ષા થઇછે તે વાજબીજ ધારીને કરીછે, શાબાસ ! જો એજ પ્રમાણે સઘળા ઈનસાફો થાય તો પછી શું પૂછવાનું રહ્યું ?

૨૧ સમય સુચકતા.

(૧૧૫) લાફોનટેનને બાફેલા શેબફળ ખાવાનો ઘણો શોખ હતો. એક દહાડો તે શેબફળની રકાબી મેજ ઉપર રહેવા દેઈને કાંઇ કાગસર ઓરડામાંથી બહાર ગયો. તેટલામાં તેનો એક મિત્ર તેને મળવા આવ્યો. તે લાંબા વખત સુધી તેની રાહ જોતો બેઠો. અંતે તેને ભુખ લાગવાથી તે શેબફળ ખાઈ ગયો. પછી થોડી વારે લાફોનટેન ઘરમાં આવ્યો ને જોયું તો શેબફળ ગેબ! તેથી ગભરાટમાં હોય તેમ બોલી ઉઠયો. "અરર! આ શેબફળ કોણ ખાઇ ગયું?! એની અંદર તો ઉંદરને મારી નાંખવા માટે સોમલ મેળવેલું હતું!" આ સાંભળીને તેનો મિત્ર ખૂબ ગભરાઈ ગયો, ને કાલાવાલા કરવા લાગ્યો, જે ભાઇ મારાથી ખવાયું છે! હવે તેનો કાંઇ ઉપાય કરો! નહીં તો ફોકટમાં હું મરી જઈશ. તેના ગભરાટથી લાફોનટેનને ખૂબ ગમત મળી. પછી હસીને તેણે કહ્યું—"દોસ્ત, કશી ફિકર ન કર, આ તો મેં શેબફળ ખાનારા ચોરને પકડી પાડવા માટે આ તાલ કરી હતી."

(૧૧૬) એક જોશીએ અગીઆરમા લુઇને કહ્યું કે "આપની રાણી છ માસમાં મરણ પામશે" અને તે પ્રમાણે તે મરી પણ ગઇ. રાજા આથી ઘણો ખીજવાયો અને તે જોશીને મારી નાખવાની મતલબથી બોલાવી મગાવ્યો. જોશી આવી પહોંચ્યો, ત્યારે તેને રાજાએ પૂછ્યું કે "વારૂ બોલ, તું પોતે ક્યારે મરી જશે? જોશી સમજી ગયો મા

રે યુક્તિ વાપરી બોલ્યો—આપ સાહેબના મોતની ત્રણ દિવસ પહેલાં. રાજા આથી ઘણો ગભરાયો અને જોશી રખેને મરી જાય માટે તે દિવસથી તેની જીંદગીની ખૂબ સંભાળ રખાવવા લાગ્યો!

૨૨ "તેરીબી ચુપ અને મેરીબી ચુપ."

(૧૧૭) એક વકીલે પોતાના મિત્રોને પોતાને ત્યાં જમવા નોતર્યા હતા. ત્યાં ટેબલપર ડાહ્યા થવા તેણે પોતાના દીકરાને પૂછ્યું.

વકીલઃ—ત્યારે દીકરા તું શું થશે? મારી પેઠે વકીલ થશે કે?

દીકરોઃ—નહીં પિતાજી, એ લુચ્ચાઇનો ધંધો મારે નહીં જોઇએ! હું તો ગૃહસ્થ માણસ થવા માગું છું. જમવા આવનારાઓમાં હસાહસ થઇ રહી!!!

(૧૧૮) **સસરા જમાઈની વાત**—એક જમાઇ વારંવાર પોતાના સસરાની આગળ પોતાની સ્ત્રીની રાવ ખાતો હતો તેથી સસરાએ આકળાઇને એક વેળા જવાબ દીધો કે "હા, મારી છોડી ઘણી ખરાબ અને બેઅદબ છે. મેં ભૂલ કરી કે એવી નઠારી છોડીને માટે મારા વશીયતનામામાં પાંચ હજાર રૂપિઆની રકમ લખી. પણ હવે જો તે સુધરશે નહીં, અને તેની બાબત બીજી ફરિયાદ હું સાંભળીશ તો ઉપલી રકમ તેને આપવાની છે તે રદ કરીશ"ત્યારપછી જમાઇએ કોઇ દિવસ ફરિયાદ કરીજ નહીં,

કદાચ તે સુધરી ગઇ હશે!!!

(૧૧૯) સ્ટેશન માસ્તર અને મિજાજી ઉતારૂ.

[મિજાજી ઉતારૂઃ—(ભપકામાંજ) મિ. સ્ટેશન માસ્તર, આ કેવું અંધેર! છટ! છટ! તમારા સ્ટેસનની કેવી હાલત? બધું વરસાદનું પાણી અંદર આવેછે, ને તેનો તમે કાંઈ બંદોબસ્ત કરતા નથી!"

સ્ટેશન માસ્તર—[ઠંડે કલેજે] સાહેબ, કેટલાક ગરમ મિજાજના અને દમાગવાળા ઉતારૂઓને વાસ્તે પાણી પ્રથરાએલું રહેવુંજ જોઈએ; કારણકે જો આંહી પાણી નહીં હોય તો તેવા ખસેલા મગજવાળાને ઠંડક ક્યાંથી મળે?

૧૨૦ મિલકત ઉપર હક—એક દહાડે લોર્ડ અરસ્કીને રસ્તે જતાં એક ઘોડાવાળાને પોતાના કંગાળ ઘોડાને નિર્દયપણે મારતા જોયો. તે તેનાથી દેખી નહીં શકાયાથી તેણે ઘોડાપર દયા કરવાને ઘોડાવાળાને સમજાવવા માંડયો. પણ ઘોડાવાળાએ ખીજવાઇને કહ્યું—તું મને કહેનાર કોણ? એ મારી પોતાની મિલકત છે અને તેનો ગમે તે ઉપયોગ કરવાને મને સ્વતંત્ર અખત્યાર છે, એટલું કહીને તેણે બે ચાર લાકડીઓ વધારે મારી. હવે લોર્ડ સાહેબનો પિત્તો ઉછળી આવ્યો, તેથી પોતાની ડાંગ ઊંચી કરીને ઘોડાવાળાના બરડાપર બે ચાર ધરી દીધી. ઘોડાવાળાએ આવી રીતે મારવાનું તેને કારણ પૂછ્યું, ત્યારે લોર્ડ સાહેબે કહ્યું, આ મારી લાકડી એ મારી પોતાની મિલકત છે, અને તેને મારી મરજી મુજબ વાપરવાનો મને સંપૂર્ણ હક છે.

૨૩ નવાઈ જેવી જાહેર ખબરો.

(૧૨૧) એક અમેરિકને જાહેરખબર આપી હતી કે જે કોઇ વિદ્વાન એવી વાત લખે કે મારા માથાના વાળ ઉભા થાય તો તેને ૫૦૦૦ ડાલરની ભેટ કરૂં. [વાંચનારને એટલી ચેતવણીની જરૂર છે કે તે અમેરિકનના માથાપર તદન તાલકું પડેલી છે.]

(૧૨૨) લલચાવનારી જાહેરખબર—એક માણસનો એક મોતીનો હાર ચોરાઇ ગયો જે ઉપરથી તેણે જાહેર-ખબર છપાવી કે "જે ગૃહસ્થે એ હાર ચોર્યો છે તે વારૂ એટલી ભલાઈ કરશે કે—તેમાંના બે ચાર મોતી મને લાવી આપશે, કારણ કે તે મોતી ઘણાં કિમતી છે" !!

(૧૨૩)એક નાટકશાળાના મેનેજર ઉપર પુષ્કળ ફરિઆદો આવવા લાગીકે-"તમારી નાટકશાળામાં અમને આવવા ગમતું નથી, કારણ કે સ્ત્રીઓ એટલી તો ઉંચી ટોપીઓ પેહેરીને આવેછે કે ખેલ જોવામાં ખલેલ થયા વગર રહેતી નથી." એવી એવી ફરિયાદોથી જ્યારે તે ઘણોજ કંટાળી ગયો, ત્યારે તેણે એક યુક્તિ કરીને, નાટકના હેંડબીલપર મોટે અક્ષરે છંપાવ્યું કે—

"મેનેજર ઘણીજ નમ્રતાથી અરજ કરેછે અને આશા રાખેછે કે સઘળી ખુબસુરત ઓરતો જોનારાઓની સગવડને માટે હવે પછી પોતાની ટોપીઓ ઉતારીને બેસશે.

ઘરડી ઓરતો અને માથાપરથી વાળ ખરી ગયેલીઓ આ અરજ બહાલ નહીં રાખશે તો ચાલશે.

હેન્ડબીલમાં આ પ્રમાણે જાહેરખબર આપ્યા પછી તેજ રાતથી ડુંગર જેવી ટોપીઓ આપોઆપ નહીં દેખાવા લાગી, અને પકકા મેનેજરની આ પહોંચેલી તાલથી જોવા આવનારા પુરૂષોની આપદા ટળી ગઇ!!!

(૧૨૪) ઇંગ્લાંડમાં એક ગૃહસ્થે ખાંડ વેચાતી લીધી, પછી ઘેર જઇ તેને તપાસી તો તેમાં રેતીનો ભેળ કરેલો જણાયો. તેથી એક રોજીંદા વર્તમાનપત્રમાં તેણે જાહેરખબર છપાવી કે જે લુચ્ચા ગાંધીએ ગઇ કાલે આ જાહેરખબર આપનારને ખાંડ આપી છે તેમાંથી રેતીનો ભાગ નીકળ્યો છે માટે તે જો આવતી કાલ સુધીમાં ચોખી સાત રતલ ખાંડ તેને ઘેર મફત પહોંચતી નહીં કરશે તોજરૂર તેને ઉઘાડો પાડી એ લુચ્ચાઇને માટે સખ્ત સજા કરાવવામાં આવશે.

ઉપલા ગૃહસ્થને ઘેર બીજે દિવસે સાત સાત રતલ ખાંડનાં પડીકાં ઊપર પડીકાં જઈ પડવા લાગ્યાં, કેમકે તે શેહેરના ઘણા ખરા ગાંધીઓ દગલબાજ હોવાથી અને તેની પહેલાના દિવસે તેઓમાંના ઘણા ખરાએ થોડી ઘણી ખાંડ વેચ્યાથી સૌ પોતે પોતાને સપડાએલા ધારતા, અને તેથી સૌની તરફથી પેલા જાહેર ખબર આપનારને અચ્છો તડાકો પડયો!!!

(૧૨૫) લુશીઆના ગેઝીટ નામે પત્રમાં એક ધણીએ આ પ્રમાણે જાહેર ખબર છપાવી હતી.

"હું જો કે પરણવાને ઘણો ખુશીછું તોપણ મારી બાઈડીનું પોષણ કરવાને તદન અશક્ત છું; એટલા માટે બાઇડીને દોલત મળે અને મને બાઇડી મળે એવો એક ઉપાય હું સુચવું છું. બત્રીસ વરસની અંદરની સઘળી કુંવારી અથવા વિધવા સ્ત્રીઓએ મારી ઉપર સોર્ટી કાઢવી, અને દર પચાસ ડાલરની છસેં ટિકિટો છપાવવી. ખાસ નામની ટિકિટ જે નસીબવાન સ્ત્રીને આવી જાય તે સ્ત્રી આ ત્રીશ હજાર ડાલરની ધણીઆણી થાય, અને હું તે સ્ત્રીનો ધણી થાઊં!!!

(૧૨૬) એક ખીડવાળાએ પોતાની દુકાને પાટીઉં માર્યું કે આંહી ઘોડાઓને ચારવામાટે રાખવામાં આવેછે, લાંબી પૂંછડીવાળા ઘોડાનો મહિને દોઢ રૂપીઓ, અને ટુંકી પૂંછડીવાળાનો મહિને એક રૂપિઓ। કોઇએ પૂછ્યું કે પૂછડી ઉપર તફાવત રાખવાનું શું કારણ? ત્યારે તેણે જવાબ આપ્યો કે ટુંકી પૂછડીવાળાને માખીઓ એટલી હેરાન કરેછે કે તેઓ ખાઈ શકતા નથી, અને મોટી પૂછડીવાળા તો તેમને ઉડાડી મૂકે છે!!

૨૪ હિંમતવાન ચોર.

(૧૨૭) એક વકીલ ગાડીમાં બેસી ફરવા જતો હતો, તેને એક ચોર મળ્યો. તેણે પીસ્ટોલ કાઢીને કહ્યું કે— "તારી પાસે જે છે તે આપ, નહીંતર તારો જીવ લઉં છું." તે જોઇને પેલા વકીલે ગભરાઈને તરત પોતાની પાસે સો રૂપિયાની નોટ હતી તે આપી દીધી, અને ધીમે રહીને કહ્યું કે— "ભાઈ, આ તેં લીધી તે તો ખરી, પણ તેં જુલમથી ચોરી કરી એમ તારીપર તહોમત લાગુ નહીં પડે માટે આ પીસ્ટોલ તું મને આપી દે કે કોરટમાં સો રૂપિએ પીસ્ટોલ વેચી એવું ઠરે." ચોરે કહ્યું, વાહ! એ તો બહુ સારૂં! મારી પીસ્ટોલ કાંઈ એટલી કિંમતી નથી કે તે હું નહીં આપું. લો તમારૂં મન રાજી કરો." એમ કહીને પીસ્ટોલ આપી દીધી એટલે વકીલે બાંહરો ચડાવીને કહ્યું કે— "હવે મારો વારો આવ્યોછે. પેલી નોટ પાછી લાવ, નહીંતર હમણાં બહાર કરી તને બેજાન કરી નાંખું છું." ચોરે કહ્યું— "બારૂ સાહેબ, એમાં દારૂજ ક્યાંછે કે તમે મારો જીવ લેશો? વકીલ સાહેબ સંભાળો," એમ કહીને નોટ લઇને તે અગિયારા ગણી ગયો.

(૧૨૮) એક ચોર ફ્રાન્સના 'લાયન્સ' શેહેરમાં એક ઘરના માળ ઉપર ઘસારા બંધ ચડી ગયો, અને ઓરડામાં કોઈ હતું નહીં, તેથી બે ડગલા ખાંધપર મારી દાદરપરથી પાછો ઉતરવા લાગ્યો; તેવામાં સામો એક વકીલ આ-

ક્કો હતો, જે પણ તેજ માળામાં રહેતો હતો. વકીલે પૂછ્યું કે—કયાં જાઓછો ! ચોર બોલ્યો કે—આ ડગલાને પ્રશ મારો અસ્તરો કરવા. વકીલે તરત પોતાનો પણ ડગલો કાઢી આપ્યો—અને કહ્યું કે—"ભાઇ આજે ત્રણ વાગે મારો ડગલો પણ અસ્તરી કરી પહોંચતો કરી આપજે" ચોરે તે ઘણા ઉપકારની સાથે લીધો ને ચાલતો થયો, અને વકીલ હજી સાંજના ત્રણ ગણે છે !!!

૨૫ અક્કલના સાગર કે અક્કલના દુશ્મન ?

(૧૨૯) કોઇ માણસ જંગલમાં બેસીને ભાંગ ઘુંટતો હતો તેવામાં ઝાડીમાંથી એક હરણ નીકળી આવ્યું અને તેની પાસેથી દોડી ગયું. જેના આંચકાથી તેની ભાંગની કુંડી ઢોળાઇ ગઇ. તે જોઇ તે ભંગી બોલ્યો—બચ્ચા આ બાબત તને શું કહું ? તારા મુરબ્બીને જઇને કહું. કેમકે તે હરણનું નાનું કદ જોઈને સમજ્યો કે તે કોઇ મોટા ચોપગાનું બચ્ચું હશે ! પછી તે પોતાના હાથમાં ભાગેલી કુંડી અને સોટો લઇને ત્યાંથી ઉઠયો, તે પાસેના એક ગામમાં ગયો, અને ત્યાં હરણને મળતા આવે એવા કોઇ પ્રાણીની શોધ કરવા લાગ્યો. તેવામાં તેની નજરે એક ગધેડું પડયું, જે પેલા હરણને સેહેજ સાજ મળતું આવતું હતું, તેથી તે સમજ્યો કે એજ પેલા બચ્ચાનો મુરબ્બી હશે. આવા બાંડા વિચારથી તે ગધેડાંના માલિકની આગળ જઇને તે વિષે ફરિઆદ કરવા લાગ્યો કે—ભાઇ, તારા જનાવરના છોકરે

એ મારી ભાંગની કુંડી ભાગી નાખી. ગધેડાવાળાએ કહ્યું કે—ભાઈ એમાં મને શું કહેછે? તે ગધેડાને જઈને કહો એટલે તે ભંગી, ગધેડા પાસે જઇને તેની પીઠ ઠોકીને બોલવા લાગ્યો—પણ તેવામાં ગધેડાએ ચોંકીને બન્ને પગની લાત એવા તો જોરથી તે બિચારાના પેટમાં મારી કે તે ફળ ખાઇને નીચે બેસી ગયો—પછી થોડીવારે ઉઠીને બોલ્યો કે—જેના મુરબ્બી આવા આડા, તેનાં બચ્ચાં આડાં હોય તેમાં શી નવાઇ!" એમ બડબડતો બડબડતો ચાલ્યો ગયો.

(૧૩૦) એક મૂરખ ઝાડપર ચકલાં જોઈ તેને હલાવવા લાગ્યો, અને ટોપી કહાડીને ઉભો કે જેવાં તે પડે તેવાં ઝીલું!

(૧૩૧) એક મોટા અમીરને ત્યાં એક લવો હતો—આ લવાને અમીરે એક સોટો આપ્યો હતો અને કહ્યું હતું કે—તારા કરતાં કોઇ વધારે મૂરખ મળે ત્યારે તેને તે આપજે. ઘણા વરસ પછી તે અમીર આજારી પડયો, અને મોતને બિછાને સૂતો. લવો અમીરને જોવા આવ્યો ત્યારે અમીરે કહ્યું કે—આ દુનિઆમાંથી હવે હું કુચ કરૂંછું. લવો બોલ્યો કે તું ક્યાં જાયછે! અમીર બોલ્યો—બીજી દુનિઆમાં—અને તું પાછો ક્યારે આવશે? મહિના એકમાં ખરો કે? "નહીં, નહીં, કદી નહીં"—ત્યારે ત્યાં રહેવાને તેં બરાબર બંદોબસ્ત કીધો છે કે? નહીં. કાંઇજ નહીં. લવો બોલ્યોકે કાંઇજ નહીં? ત્યારે આ લે મારો સોટો.

તું કહેછે કે જે દુનિઆમાં હું જઇશ, પણ પાછો ફરીશ નહીં, તે દુનિઆમાં રહેવાને તેં કાંઇ બંદોબસ્ત કીધો નથી, તો લે મારો સોટો, કારણ કે મારા કરતાં એક વધારે મૂરખ મને આજે મળી ગયો છે!!!

(૧૩૨). એક માણસ એક રાતે પોતાના દોસ્તને ત્યાં જમવા ગયો. જમી રહ્યા પછી વરસાદ ઘણો આવ્યો અને ગાજ વીજનું તોફાન પણ ઘણું થવા માંડયું, તેથી ઘરધણી પોતાના મિત્રને કહેવા લાગ્યો કે આવા અંધારા, ને વરસાદમાં તું કયાં જઈશ ? માટે આજની રાત મારે ઘેર સૂજે. કેમકે હવે વરસાદ રહે તેમ લાગતું નથી. રસ્તામાં પાણી પણ ઘણું છે. તેથી તેણે તે વાત કબૂલ રાખી. થોડીવાર પછી તે એકાએક ગેબ થઇ ગયો, તેથી ઘરમાં ગોતાગોત થઇ રહી કે મેમાન કયાં ગયો ? એટલામાં તે પાણીથી ભીંજાએલો હુંઠવાતો પાછો આવ્યો. પછી ઘરધણીએ પૂછયું કે—તું કયાં ગયો હતો ? ત્યારે તે પોતાના પંડ ઉપરનું પાણી લુછતાં લુછતાં બોલ્યો કે —હું જરા દોડતો મારી બાયડીને કહેવા ગયો હતો કે—આજે વરસાદ ઘણો છે, તેથી મારાથી ઘેર અવાશે નહીં માટે રાહ જોતી ના !!!!!!!

૨૬ પરણુશો કે નહીં ?

(૧૭૩) પરણવાનાં પણ કારણો હોયછે, બે દોસ્તો વચ્ચે નીચે પ્રમાણે થયેલી વાતચીતપરથી પરણવાનો સાધારણ સમજ એક ગમ્મતી લખનારે દેખાડી આપ્યો છે.

"સાહેબ, તમારે હવે પરણવું જોઇએ."

"છટ, છટ, મને પરણવા ગમતું નથી."

"સાહેબ, મેં તમારા માટે એક બૈરી શોધી કાઢીછે."

"ખાડમાં પડો તું અને તે બન્ને."

"રાખો રાખો સાહેબ, કદાચ તમને તે પસંદ આવશે."

"અં. હં. ખરી વાત ?"

"જો સાહેબ અઢાર વરસની."

"વાહ !"

"વળી બોલકણી છે"

"તે તો ખરાબ."

"ડાહપણ વાળી છે."

"બહારનોજ ભભકો તો."

"તે વળી અતિશે ખુબસુરત પણ છે."

"બીજાઓને લોભાવવા કે ?"

" તે ઘણી કુળવાન છે."

"ત્યારે મિજાજી હશે-હેં ?"

"વળી તે ઘણી નાજુક દિલની છે."

"અરે ! ત્યારે તે તો ઘણી અદેખી હશે."

"અને વળી ઘણું ભણેલી છે, વિદ્વાન !"

"ત્યારે ગાશ્રા શા આશરા?"

"અને છેલ્લે સાહેબ, તે એવી તો દોલત વાળી છે કે—" "અરે, અરે, એકદમ મને તેની પાસે લઇ જા, મારી મુલાકાત કરાવી આપ, અને તેની જોડે પરણાવી આપ !!!"

"જ્યાં જોશો ત્યાં પૈસાનીજ મહોકાણ !!"

---

૨૭ ચોરીપર શીરજોરી

(૩૪)"કેમ સાહેબ" એક માજિસ્ટ્રેટે ચોરી કરવાના વાંક માટે પકડાએલા એક બંધીવાનને કહ્યું, 'મને એમ ભાસેછે કે મેં તમને આગળ જોયેલા છે. તમારો ચેહેરો મારી આંખમાં નવો નથી દેખાતો. તમે આગળ આંહિ આવી ગયેલા છો?"

બંધવો:—"હા, સાહેબ."

માજિસ્ટ્રેટ:—"કેટલી વખત ?"

બંધવો:—"એક ડઝન ઉપર નહીં."

"હા, કોચીનના શાહુકાર, હું પણ એમ ધારૂંછું. તમે એકવાર શાલ ચોરવાના વાંક માટે પકડાયા હતા નહીં ?"

"હા, સાહેબ"

"અને એક ઘડિઆળ સારૂ ?"

"મને થોડી ઘણી યાદ છે ખરી."

અને એક બુટની પેટી માટે ?"

"હું અજાણ્યો થતો નથી."

"અને એક કિંમતી ચોપડી માટે ?"

"અને તે યાદછે."

"અને જો હું ભૂલતો ન હોઊં તો કપડના થોડાક તાકા માટે ?"

"બરાબર છે."

"અને ઘરડા માણુસના ડગલા સારૂ ?"

"તે પણ ખરૂં, મારા લોર્ડ."

"અને એક વેળાએ બીરનું આખું પીપ?"

"ફક્ત એકજ પીપ સાહેબ."

"અને એક વરસની વાતપર એક ગાડી તથા બળદને માટે ?"

"તદન ખરૂં મહારા મેહેરબાન."

"અને આજે વળી જૂનો સામાન ચોરવાના વાંક માટે તમે આવ્યા છો ? બોલો, એને માટે તમે શું બચાવ કરો છો ?"

"એક ઘણોજ સરસ બચાવ છે, સાહેબ."

"તે શું તમને ફરજ પડી હશે ?"

"તેમ નહીં સાહેબ !"

"ત્યારે શું ?"

"તમારી એક શિખામણ છે મારા લોર્ડ"

"મારી શીખામણ ? બંધા માણસ, તું એમ બોલવાને હિંમત કરેછે ? તું ઘણી વખત મારી પાસે આવી ગયો છે અને તેથી તે પીછાણ માટે તું આટલી બધી છૂટ લેછે ?"

"હું એમ કહુંછું કે હું તમારી શીખામણ પ્રમાણે ચાલ્યો છું."

"હજી તું એમ બોલેછે ? ત્યારે કહે શું મેં તને ચોરી કરવાની શિખામણ આપી હતી ?"

"જે વખત મને ચોરીના વાંક માટે આપ નામદારની સામે ઉભો કરવામાં આવ્યો હતો તે દરેક વખતે મારી સામેના પૂરાવા મજબુત ન હોવાથી તમે મને છોડી મૂકતાં કહ્યું હતું કે—"જા, તું તારે કામે જા." અને મેં તેમ કીધું, મારૂં કામ ચોરી કરવાનું છે, અને તે મેં આપ નામદારના હુકમથી કીધુંછે !!!"

અનુક્રમણિકા.

અવલથી થયેલ ગ્રાહકોનાં મુબારક નામ.

☞ જેઓના નામની આગળ આંકડા ભર્યા નથી તેઓની એક પ્રત સમજવી.

૨૫ નેક નામદાર મહારાજાધિરાજ મિરજાં મહારાઓ શ્રી ખેંગારજી સાહેબ, સવાઈ બહાદુર, ભૂજ.

૩૫ રા. રા. મૂળજી નાથાભાઇ ઠક્કર. કરાંચી.

૨૦ મેહેરબાન રા. રા. વિજયશંકર ગવરીશંકર—નાયબ દીવાન સાહેબ, ભાવનગર.

૧૦ મેહેરબાન રા. રા. દીવાન બહાદુર મણિભાઇ જશભાઇ. વડોદરા.

૬ નેક નામદાર મહારાજા કેશરીસિંહજી સાહેબ બહાદુર. ઇડર.

૨૨ રા. રા. દેવચંદ ચતુરભૂજ મારફત—૨ રા. રા. ડુંગરશી દેવચંદ—જોશી દામોદર મોનજી—ઠા. નારણદાસ રાયશી—ઠા. મથુરાદાસ હંસરાજ—ઠા. સુંદરદાસ ગોવિંદજી મિ. તાર મહમૂદ—ઠા, વલ્લભદાસ વશરામ—ઠા. પુરૂષોત્તમ ત્રિકમજી—ઠા. જેરામ જેઠાભાઈ—મિ. મુસા આલી—જોશી પ્રધાન રતનશી—ઠા. લાલજી તેજપાળ—ઠા. વીરજી ખટાઉ—ઠા. મથુરાદાસ શામજી—શા. માધવજી ગોવિંદજી—શા. ગડધર માધવજી—જોશી. રૂઘનાથ જેઠાભાઇ—ઠા.

મૂળજી પેરાજ—શા. વીરચંદ નાનચંદ—શા. ભગવાનજી ડુંગરશી—શા. જશરાજ ચાંપશી—કોચીન.

૧૪ રા. રા. માધવલાલ કાળિદાસ મારફત—૨ રા. રા. શંભુલાલ રવિકરણદાસ, રા. રા. ડોસાભાઇ વિઠ્ઠલદાસ—વોહોરા. મજીદભાઇ આબદભાઇ—રા. રા. બુલાખીદાસ લલ્લુભાઇ—રા. રા. ચકુભાઇ લલ્લુભાઇ—રા. રા. પાંડુરંગ પુરૂષોત્તમ—રા. રા. રેવાશંકર કામદેવ—રા. રા. ગણપતરામ ત્રિકમરામ—રા. રા. નાનચંદ પરભુદાસ—રા. રા. છોટાલાલ વિઠ્ઠલદાસ—રા. રા. પંડિત નાથુલાલ મૂળશંકર—રા. રા. તુળશીદાસ શંભુરામ—સોની હરજીવનદાસ ગોરધનદાસ—વડનગર.

૧૦ રા. રા. પુરૂષોત્તમ દયાશંકર દાકતર મારફત—રા. રા. પુરૂષોત્તમ દયાશંકર—મેહે૰ પીતાંબર દ્વારકાદાસ—રા. રા. જટાશંકર દયાશંકર—રા. રા. ઈચ્છારામ ગોપાળદાસ—રા. રા. શિવલાલ બાપુભાઈ દેશાઇ—રા. રા. ગણપતરામ દયાશંકર—મેહે૰ ગણપતરામ દયારામ—રા. રા. બાપુલાલ સુખલાલ મેહેતા—રા. રા. હિમત જગુભાઇ દેશાઇ—મેહે૰ છગનલાલ ત્રિકમલાલ સંખેડા.

૧૦ બારોટ દામોદર હરિભાઇ મારફત—૧ તેમની ગિ. ખોડીદાસ અમરશી—મેહે૰ છોટાલાલ જેઠાભાઇ—ગિ. અમ્રતલાલ નાગજી—મેહે૰ છગનલાલ વીરચંદ—રા. રા.

લલ્લુભાઇ હરિભાઇ—રા. રા. ભાઇશંકર મોરાર—વકીલ નાનચંદ ગાલજી—રા. રા. મલેકમીં બાપજીરાજ બાજીતખાનજી—દરબાર શા. મોહનલાલ લલ્લુભાઈ—દસાડા.

૧૦ રા. રા. પુરૂષોત્તમ લલ્લુભાઇ મારફત—મિ. કુંવરજી ઈશ્વરજી—સ્કૉ૦ વિઠ્ઠલદાસ નાગરદાસ—સ્કૉ૦ હંસરાજ કબાભાઇ—રા. રા. વલ્લભદાસ આણંદલાલ—રા. રા. ગુલાબદાસ રહીદાસ છાયા—રા. રા. જશવંતરાયભાઇ—મેહ૦ પ્રેમચંદ જેચંદ—મેહ૦ આશારામ નથુરામ—ઠા. મનજી બાબુલ—મેહ૦ માવજી દેવશંકર—ભેરાઇ.

૧૦ રા. રા. જટાશંકર પુરૂષોત્તમ મારફત—રા. રા. રામચંદ્ર રણછોડ—રા. રા. અમૃતલાલ બેચરલાલ—રા. રા. દેવશી ઓધવજી—ઠા. ત્રિકમજી દેવજી—વકીલ મેહેરાજ કુંવરજી—મણિઆર ગલાલચંદ તલકશી—ઠા. મેમાયા હેમચંદ—વ્યાસ શિવજી સુંદરજી—જોશી. રામજી ગણેશ—ઠા. નારાયણ આણંદજી—પલાંસવા.

૯ રા. રા. ભટ્ટ જીવનરામ દયારામ ભાવનગર.

૮ રા. રા. ભવાનજી હરિદાસ મેહેતા મારફત—રા. રા. ભવાનજી—રા. રા. તાપીશંકર શિવદાસ—રા. રા. મેઘજી મોરારજી—રા. રા. વીશનજી શંકરજી—રા. રા. ભગવાનલાલ લધુભાઇ—રા. રા. પુરૂષોત્તમ ઓધવજી—રા. રા. ચત્રભૂજ જીવણભાઇ—રા. રા. વિઠ્ઠલજી રાઘવજી—ભૂજ.

૮ રા. રા. પ્રેમજી લાધાભાઈ માસ્તર મારફત—૩ રા. રા. પ્રેમજી લાધાભાઇ—૨ રા. રા. શિવશંકર લાલજી —રા. રા. વેલજી કીરપાળ—રા. રા. શામદ પટેલ—રા. રા. નારણજી ટોપણ—તેરા.

૮ રા. રા. સુંદરજી ચતુરભૂજ મારફત—રા. રા. નરોત્તમ ગાલજી—મહુવા નેટીવ લાઇબ્રેરી—રા. રા. ભાણજી કાશમ—રા. રા. માનજીભાઈ સાલેભાઇ—રા. રા. ભગવાનદાસ દુલ્લભદાસ—રા. રા. વનમાળી અંદરજી—શેઠ જમનાદાસ થોભણ—રા. રા. નરોત્તમ મકન—મહુવા.

૮ રા. રા. છબીલાલ છગનલાલ શેઠ મારફત—રા. રા. દાદામિંયા અલ્લામિંયા—રા. રા. ગણપતરાવ બળવંતરાવ—રા. રા. છબીલાલ છગનલાલ—રા. રા. મૂળચંદ છગનલાલ— રા. રા. છબીલાલ પ્રેમચંદ—રા. રા. શિતળ છગનલાલ—સોની મનસુખ નરભેરામ—આચાર્ય જોઇતારામ મુગટરામ—ઉંઝા.

૮ રા. રા. શામજી લાધાભાઇ મારફત—૧ તેમની —રા. રા. લવજી મોનજી—સલાટ વાઘજી ધનજી—રા. રા. ખેતશી પીતાંબર—જોશી વેલજી વાઘજી—ઠા. શવજી વશરામ—રા. રા. લાભશંકર કાહાનજી—ઠા. ગોવિંદજી ખેતશી—**નારાયણસરોવર.**

૮ રા. રા. જાલમગર ગંગાગર મારફત—૧ તેમની

—રા. રા. વલમજી મોતીભાઇ—ઠા. કચરા હેમરાજ—ઠા. રતનશી વેલજી—રા. રા. વલગજી ખુશાલ—રા. રા. શામજી મોહનજી—રા. રા. મોરાર વલમજી—**આડેસર.**

૮ રા. રા. નરભેશંકર જગજીવન દ્વિવેદી **કરાંચી.**

૮ રા. રા. ડાહ્યાભાઈ પ્રભુરામ દ્વિવેદી મારફત—૧ તેમની—રા. રા. સદાશિવ કાનોબા—રા. રા. કરસનજી દેવજી—રા. રા. જીવરામ વહાલજી—રા. અલ્લી બુરહામ—રા. રા, જાદવજી તલકચંદ—રા. રા. પાનાચંદ જુઠાભાઇ—રા. રા. નથુભાઈ ગોપાળદાસ—**માંગરોળ.**

૮ રા. રા. ઠા. પ્રાગજી ભવાન મારફત—વકીલ રાઘવજી રણછોડ—રા. રા. બાવા મોતીચંદ—રા. રા. બાવા કાળિદાસ વીરદાસ—રા. રા. દોલતરામ પ્રાગજી—ઠા. પ્રાગજી ભવાન—રા. રા. ભગવાનજી જશાજી—રા. રા. દેવીસીંગ માવાભાઇ—રા. રા. પરમાનંદ માંડણ—**કંદોરણા.**

૯ રા. રા. દયાશંકર શામજીભાઈ મારફત—૧ તેમની—રા. રા. જયરામભાઇ રૂડાભાઈ—અંજાર લાઇબ્રેરી—રા. રા. વૈજનાથ ભવાનીદાસ—રા. રા. લધુભાઇ કચરા—રા. રા. જયરામ નારણજી—રા. રા. ગોકળદાસ હરિદાસ—રા. રા. ધનજી માંડણ—રા. રા. મણિશંકર કૃષ્ણજી-**અંજાર.**

૮ રા. રા. ગિરધર ભાવાનદાસ મારફત—રા. દામોદર ખુશાલ—રા. આણંદજી ઝવેર—રા. જેઠાલાલ ભગવાન-

દાસ—રા. રેવાશંકર તુળશી—રા. સુખલાલ રતનશી—રા. શિવલાલ મોતીચંદ—રા. સફૂર ઉકાભાઇ—રા. દાદન નથુભાઇ—બોટાદ.

૮ રા. રા. કાહાનજી અંબાશંકર ધોળકીઆ મારફત—રા. રા. નરભેશંકર કુંવરજી—રા. રા. ત્રિકમદાસ ગોકળજી—રા. રા. હરિશંકર કાહાનજી—રા. રા. રવિશંકર મોરારજી—રા. રા. કાશીરામ હાથીરામ—રા. રા. ખરાશંકર પ્રભારામ—રા. રા. જગજીવન ત્રિકમજી—રા. દુલેરાય ત્રિકમદાસ—ભૂજ.

૭ રા. રા. વેલશી પુંજાભાઈ મારફત—૧ તેમની—રા. રા. ઉત્તમરામ વિદ્યારામ—રા. રા. બાઇશંકર પુરૂષોત્તમ—રા. રા. ગોવિંદજી કરસનજી—રા. રા. ત્રિભોવન ઉજમશી—રા. રા. હકમચંદ નથુભાઈ—રા. રા. પુરૂષોત્તમ નારણજી—**વીરમગામ.**

૬ રા. રા પ્રાગજી ડોસજી મારફત—ઠા. અંબારામ ડોસજી—ઠા. માવજી માધવજી—ઠા. નાગજી સુંદરજી—જોશી આત્મારામ વહાલજી—શાહ ગનસુખ અમુલખ—રા. કેવળલાલ પાનાચંદ—**વાશાહી.**

૬ રા. રા. ગોવરધનદાસ લાલભાઇ મારફત—૧ તેમની—શેઠ ખરસેદજી મંચેરજી—રા. રા. માણેકલાલ રેવાશંકર—રા. રા. હરકીસનદાસ પ્રાણજીવનદાસ—રા. રા. દા-

મોદર કરસનદાસ—રા. રા. છોટાલાલ પરભુરામ—**ભરૂચ.**
૬ રા. રા. દયારામ તુળશીભાઈ યાજ્ઞિક મારફત—૧ તેમ-
ની—રા. રા. લધાભાઇ ધનજીભાઇ—સોની સંગજી ખેંગાર—
નેકનામ કુંવર રાધુભા ડુંગરસિંહજી—રા. રા. ગંગારામ
જેઠુભાઇ—ઠા. લધાભાઇ લખમશી—**પત્રી.**

૬ રા. રા. જાનમહમૂદ નુરમહમૂદ મારફત—૨ ગુ-
રૂજી રતનશી ગુમાન વિજયજી—સલાટ ખેચર હેમરાજ—
રા. રા. લખમણ રીણાભાઇ—મેં૰ જાનમહમૂદ—ગુરૂજી ગુ-
લાબચંદ લાલવિજયજી—**ચોબારી.**

૬ રા. રા. ગાંગજી રામજી મારફત—૧ તેમની—
રા. રા. પરભુરામ મેઘજી—રા. રા. ઉત્તમચંદ મહાવજી—
મે૰ નુરમહમૂદ આમોભાઇ—ભટ્ટ મહાસુખરામ અમરજી—
રા. ગામેતી પુંજા જમાલ—**માણાવદર.**

૬ રા. રા બાલાલાલ નાનચંદ મારફત—૧ તેમની—
રા. રા. નરોત્તમ જાદવજી—શેઠ માણેકજી સોરાબજી—શેઠ
હોરમજજી મંચેરશાહ—રા. રા. છગનલાલ પરભુદાસ—રા.
રા. જગનાદાસ લલ્લુભાઇ—**ચુડા.**

૬ રા. રા. મોહનલાલ ઉજમ ગાંધી મારફત—નેક
નામદાર ખુદાવંદ મુરતુજખાં ખાનજી સાહેબ બહાદુર—નેક
નામ સુએમરદાન અલીખાનજી મુરતુજખાં ખાનજી—રા. રા.
મોહનલાલ—મિ૰ ચાંપશી પાનાચંદ—રા. રા. કેવળ જેઠા-
રામ—શેઠ પ્રેમચંદ જેઠાચંદ—**રાંધણપુર.**

૬ રા. રા. રામદાસ તુળજારામ—મુંબાઈ.

૬ રા. રા. શેઠ છોટાલાલ ચતુરશી—કાણેશા.

૬ રા. રા. શાહ ડાહ્યાભાઇ અમરચંદ—પારડી.

૫ મે. સા. ત્રિભોવનદાસ મોતીચંદ એલ. એમ ગારફૂત—૨ તેમની—ગિઓ રવજી દામાભાઇ—રા. રા. રણછોડ કાહાનજી—મીડવાઇફ મીસેસ રેચેલ—જુનાગઢ.

૪ રા. રા. મૂળચંદ ગુલાબચંદ શાહ મારફૂત—૧ તેમની—રા. નાથજી જેચંદ—રા. છગનલાલ હેમચંદ—રા. હરિલાલ વહાલચંદ—પુનાદરા.

૪ રા. રા. ઠાકોર ચંદુલાલ હરિલાલ—રાંધણપુર.

૪ રા. રા. ભટ્ટ દામોદર તુળશી—મુંબાઈ.

૪ રા. રા. ચંદુલાલ ન્હાનાલાલ મારફૂત—૧ તેમની—રા. રા. વસ્તારામ રામજી—રા. રા. ખંડેરાવ હૈમાજી—રા. રા. લાલશંકર પરભુદાસ વકીલ—માણેકવાડા.

૪ રા. રા. જમનાદાસ ગોવરધનદાસ મારફૂત—૧ તેમની—રા. રા. માણેકચંદ જીવરામ—રા. રા. હીરજી જાદવજી—રા. રા. દેવજી લાધાભાઇ.

૪ રા. રા. દુલેરાય દલપતરામ વ્હોરા—ભૂજ.

૩ નેક નામ શ્રીમંત કુમારશ્રી વિજયદેવજી સાહેબ—ધરમપુર.

૩ શેઠજી સાહેબ રૂસ્તમજી ધનજીભાઈ પટેલ—વાંકાનેર

૩ રા. રા. પ્રભાશંકર જેશંકર—ખંભાળીઆ.

૩ રા. રા. મોલેદીના સોમજી—કવેટા.

૩ રા. રા. વાડીલાલ વીરચંદ—શોલાપુર.

૩ નેકનામ કુમારશ્રી બળદેવજી સાહેબ—ધરમપુર.

૩ રા. રા. ફુલચંદ હીરાચંદ માસ્તર—ભાણવડ.

૩ રા. રા. પુરૂષોત્તમ ગીગાભાઇ શાહ—ભાવનગર.

૩ નેક નામ સાહેબજાદા શ્રી સુલતાનમહમૂદખાનજી શેરખાનજી—જુનાગઢ.

૩ રા. રા. ભટ્ટ જટાશંકર નાનજી મારફત—૧ તેમની—ભટ્ટ પરભુરામ બેચર—મેહેતા ગોપાળજી વજેરામ—લીલીઆ.

૩ રા. રા. ઠા. સુંદરદાસ ધરમશી—મુંબાઈ.

૩ નેકનામ મહંતશ્રી ગજરાજગર ઇશ્વરગર—ભીમનાથ

૩ રા. રા. અમીન મોતીલાલ મથુરાંદાસ—વસો.

૩ રા. રા. મોહનલાલ હેમચંદ દલાલ—અમદાવાદ.

૩ રા. રા. પંડયા પુંજાલાલ અભેરામ—ભાદરવા.

૩ રા. રા. મગનલાલ પુરૂષોત્તમ મારફત—૧ તેમની—રા. રા. નાથજી નરસિંહરામ—રા. રા. મણીલાલ રણછોડભાઇ—કપડવંજ.

૩ રા. રા. શિવલાલ હિમતરામ મારફત—૧ તેમની—ઠા. લવચંદ જેરાજ—શાહ પરભુદાસ વીરચંદ—દીવ.

૩ રા. રા. દેવરાજ ખીમજી મારફત—૧ તેમની-શાહ શામજી કલ્યાણજી—સ્કો૦ ખેતશી કાળાભાઇ—કરાંચી.

૩ રા. રા. ભીમભાઈ નારણજી દેશાઇ—કોઠારા.

૩ રા. રા. ત્રિવાડી છગનલાલ જેઠારામ—વસાઇ.

૩ રા. રા. કેશરપ્રસાદ મોતીનાથ—અમદાવાદ.

૩ રા. રા. મીસ્ત્રી અમરશી મહાશંકર—ઈડર.

૩ રા.રા. ગોવિંદજી નાનજી—જુનાગઢ.

૩ રા. રા. મેહેતા રામજી મદનજી—ખંભાળીઆ.

૩ રા. રા. નંદલાલ પરભુલાલ દેશાઈ—વજીરીઆ.

૩ મેહેતાજી શામજી ઘેલા—લોઢવા.

૩ રા. રા. દવે જીવરામ હરિશંકર—માંડવી.

૩. રા. રા. પાનાચંદ ફુલચંદ—ખેડા.

બબે.

રા. રા કૃષ્ણરામ રામનાથ શુક્લ, વડોદરા.—રા. રા. મોરારજી અજરામર, દેશલપુર—રા. રા. ઓઘડ રવાભાઇ, ઉમરાળા.—રા. રા. જીજીભાઇ કુબેરદાસ, ડાંગરવા. ઠા. વિઠ્ઠલદાસ મૂળજી અને ગાંધી કાળીદાસ દેવકરણ, લાલપુર—રા. રા. માણેકલાલ કાશીરામ અને માસ્તર જીવા સુલતાન, ગઢડો—રા. રા. દુલેરાય છોટાલાલ અને કેશવલાલ મંગળજી, જામનગર—રા. રા. મંગાદાસ અમરજી પારેખ, અને યશવંતરાવ આનંદરાવ, મુંબાઇ—રા. રા.

નથુભાઇ બાપુજી અને શેઠ હરખચંદ હીરજી, **બાટવા**—રા. રા. સેન જાુએર અને પટેલ જેરામ જેઠાભાઇ, **ભીંગરાડ**—રા. રા. ત્રિભોવન ઝીણાભાઇ અને રા. રા. કાળિદાસ લક્ષ્મિચંદ—**જેતપુર**—રા. રા. માણેકલાલ અમુલખરાગ અને રા. રા. દેવશંકર બાપુજી, **કટોસણ**—રા. રા. ઉમેદરામ ગુણવંતરામ અને શેઠ રણછોડલાલ લાલભાઇ, **નાંદોદ.**

અકેકી પ્રત.

રા. રા. મણિભાઇ પ્રેમાભાઇ, **અમદાવાદ**—શેઠ હરજીવનદાસ ખુશાલદાસ, **નીકોરા**—રા. રા. જીવાભાઇ બેચરભાઇ, **દેગામ**—રા. રા. ઉત્તમરામ કેશવરામ પંડ્યા, **સુરત**—રા. રા. મોહન લીલાચંદ, **મોહનપુર**—કોન્ટ્રેકટર પુંજાભાઇ નથુભાઈ, **અમદાવાદ**—રા. રા. વિઠ્ઠલદાસ હરિલાલ. **હાંસોટ**—રા. રા. ન્હાનાભાઈ કેશવદાસ, **કેલોદ**—શેઠ જગસેદજી જીજીભાઈ, **વીંઝાણ**—રા. રા. ઓધવડ ગોવિંદજી, **ચોટીલા**—રા, રા. ડાહ્યાભાઇ છગનલાલ, **નડીઆદ**—રા. રા. અલારખ્યાં કેશરમિંયા; **ભૂજ**—રા. રા. ઈબ્રાહીમભાઈ રાજનભાઇ, **પોઇસર**—દવે માણેકલાલ જીભાઇ, **દેગામ**—રા. રા. ફતેચંદ અમીચંદ શાહ. **ટીટોઇ**—રા. રા, દુલ્લભ ખુશાલ—**પારડી**—રા. રા. મથુરાલાલ માણેકલાલ, **પાટણ**—રા. રા. ઠાકોર ભવાનીસિંહ મોતીસિંહ, **ઝાલોદ**

રા. રા. અંબારામ મંગળજી, પોરબંદર—રા. રા. નર્મદાશંકર પ્રભુરામ, લીલીઆ—મિ૦ પીતાંબર મોનજી, વીંછીઆ—રા. રા. નથુરામ પ્રભારામ, દેથરોટા—રા. રા. જાદવજી પુંજાજી, શાગટાળા—રા. રા. પુરૂષોત્તમ નાનજી, પોરબંદર—રા. રા. મૂળજી ઇંદરજી, મુંદરા—શેઠ મૂળચંદ મગનલાલ, ભાંડુ—રા. રા. પ્રાણજીવન રણછોડ, ગઢડા રા. રા. મોનજી દેવજી, ભૂજ—રા. રા. મંગળજી નાનજી, સુરત—રા. રા. કેશવલાલ અંબાશંકર, ભોરોલ—રા. રા. આનંદરાવ ગણપતરાવ, દમણ—શેઠ દાદાભાઇ એદલજી, તારાપોર—ઠા. મૂળજી આણંદજી, મુંબાઈ—રા. રા. સુખલાલ માનશંગ, વઢવાણ સિ૦ સ્ટેશન—રા. રા. અમૃતલાલ પુરૂષોત્તમદાસ, પાટણ—રા. રા. ભાઇદાસ પુરૂષોત્તમદાસ, સુરત—શેઠ નવરોજજી મેહેરવાનજી પટેલ, ભીલાડ—શાહ હઠીસંગ નગીનદાસ, અમદાવાદ—રા. રા. મોતીલાલ દાદાભાઇ, ગોધરા—શાહ તલકશી કરમચંદ, વીરમગામ—રા. રા. ભગવાનજી નરભેરામ, જેતપુર—શેઠ નવરોજજી નસરવાનજી, અમદાવાદ—શેઠ દેવચંદ ઉત્તમચંદ, મુંબાઈ—રા. રા. રઘુનાથરાવ ગણપતરાવ, અમદાવાદ—રા. રા. ભોગીલાલ નાથાભાઇ, ડાકોર—રા. રા. રામજી માવજી, કરાંચી—રા. રા. મોતીરામ મણિશંકર, સુરત—રા. રા. શામજી લક્ષ્મીદાસ, મુંદરા—રા. રા. મહ-

મૂદ હાશમ, **મુંબાઇ**—રા. રા. નરોત્તમ ઇશ્વરદાસ, **ઝગડીઆ**—ઠા. ચંદરજી શવજી, **બગસરા**—નેકનામ મહારાણા શ્રી છત્રસિંહજી સાહેબ, **નાંદોદ**—રા. રા. છોટાલાલ ભૂધરદાસ, **મથુરા**—રા. રા. નુરમહમૂદ નાનજી, **મુંબાઇ.** રા. રા. જીવાભાઇ ઘેલાભાઇ, **અમદાવાદ**—રા. રા. અલાદીન જાનમહમૂદ, **મુંબાઇ**—રા. રા. શિવશંકર કીરપાશંકર, **કડી**—શેઠ હબીબભાઇ કાશમભાઇ, **બાટવા**—રા. રા. નારણજી જગજીવન, **બેટ**—રા. રા. મૂળજીભાઇ ભૂલાભાઇ, **ભાવનગર**—રા. રા. કાહાનજી કરસનદાસ, **મુંબાઇ**—રા. રા. રાગજી લક્ષ્મિદાસ, **કરાંચી**—રા. રા. ગવરીશંકર રણછોડ, **ધાંધલી**—રા. રા. ચલુભાઈ દાભાઇ, **ભેટાસી**—રા. રા. દેવકરણભાઈ અદેકરણ, **સાણંદ**—રા. રા. વસંતરામ શાલીગરામ, **ભાલોદ**—રા. રા. પોપટ રાગજી, **લાઠી**—શેઠ કાવશજી હીરજી, **કાનાનાર**—રા. ચ. કુરણાશંકર સેવકરામ, **લીમખેડા**—મિ૦ ત્રિભોવન કાહાનજી, **સરધાર**—રા. રા. મોહનલાલ જગજીવન, **દેગામ**—રા. રા. મગનલાલ શિવશંકર, **વઢવાણ**—રા. રા. ખોજા ખાકુ મૂળજી, **ભૂજ**—રા. રા. રામચંદ્ર નાનજી, **માધવપુર**—રા. રા. આદમજી હકીમજી, **કોચીન**—નેકનામ ચખુભા લઘુભા, **આમરણ**—મે૦ રાવ બા. વૃજરાય પુરૂષોત્તરાય, **ગોધરા**—રા. રા. નારાયણરાવ બળવંતરાવ, **મેહેમદાબાદ**—ઠા. જીવરાજ હરજી-

વન, **મુંબાઈ**—રા. રા. દાકતર રામચંદ્ર શ્રીધર, **બેલગામ**. રા૰ રા. ઓચ્છવરામ નિત્યાનંદ, **સુરત**—રા. રાં૰ અમૃતલાલ ચકલદાસ, **રાંદેર**—શેઠ હોરમજી ભીમજીભાઇ, **સરોડા** રા. રા. ડોસાભાઇ આપે ઠક્કર, **સાભરાઈ**—ઠ્ઠાકોરશ્રી દાદાભાઇ, **હાલરીઆં**—રા. રા. સરૂપચંદ ડાહ્યાભાઇ, **નવસારી**. રા. રા૰ નૃસિંહ પુસ્તકશાળાના સેક્રેટેરી, **જુનાગઢ**—રા. રા. માનસિંગ નરભેરામ, **જેતપુર**—રા. રા૰ રા. ઇચ્છાશંકર કળિદાસ, **કુંડલા**—રા. રા. બ્રિજમોહનલાલ કલ્યાણદાસ, **ગોધરા**—રા. રા૰ **વિરમગામ**—હરિવલ્લભ લાઈબ્રેરીના સેક્રેટેરી, રા. રા. ગાવજી ગોવિંદજી, **કવીલોન**—રા૰ રા. ફાજલભાઇ કાશમભાઇ, **મુંબાઈ**—રા૰ રા. જેશંગ રતનચંદ, **વેનકાટગીરી**—રા૰ રા. હરદાસ દામજી, **નખત્રાણા**—રા. રા૰ કાહાનજી પ્રભાશંકર, **ધ્રાંગધરા**—રા. રા. ઇશ્વર આશાભાઇ, **દુધવાડા**—રા. રા. પ્રાગજી ધનેશ્વર, **માલસુદ**. રા. રા. સુલેમાન જીવાભાઇ, **ભડકોદરા**—રા. રા. હરજીવદાસ ગોવિંદરામ, **ઉમરાળા**—રા. રા. રામજી પેથાભાઇ, **કરાંચી**—ઘાંચી કાળા હાજી **દહીંસરા**—રા. રા. ગંગાશંકર જટાશંકર, **ઘોરાજી**—રા. રા. હસનઅલ્લી દાઉદભાઇ, **તુતુકુડી**—રા. રા૰ તુરખાં હમીરખાં, **ધ્રાંગધરા**—રા૰ રા૰ દેવકરણ દેવજી, **કરાંચી**—રા. રા. દેવગઢ લાઈબ્રેરીના સેક્રેટેરી—રા. રા. ભવાનીશંકર શિવશંકર, **ગોદ્દાવાડી**—રા. રા. આચરતલાલ હરિલાલ, **અમદાવાદ**—રા. રા. સારતુપ્ર-

સાહ શિવદયાલ, **ચોરવડોદરા**—રા. રા. મનસુખલાલ છગનલાલ. **નંદાસણ**—રા. રા. કેશવલાલ લલ્લુભાઇ, **આણંદ**—રા. રા. જગનાદાસ કુબેરદાસ, **સિહોરી**—રા. રા. ગાંધી દીપચંદ મૂળચંદ. **સામેરા**—રા. રા. ઉગિયાશંકર વીરજી, **ગીદડ**—રા. રા. જગજીવન નરસિંહરામ, **માંડવી**—રા. રા. ચંપકલાલ ચંચળરામ. **ભાવનગર**—રા. રા. રૂપચંદ સૌભાગ્યચંદ, **વેરાવળ**—રા. રા. મકનજી દયાલજી, **ભદ્રેસી**—રા. રા. દેવશંકર મોતીરામ વ્યાસ. **દેવગઢ**—રા. રા. અમૃતલાલ છગનલાલ, **ચકલાસી**—રા. રા. ભોગીલાલ જેકીસનદાસ. **રાજકોટ**—રા. રા. પુરૂષોત્તમ ભીમજી, **વીરપુર** રા. રા. જીવાભાઇ બેચરદાસ, **દેગામ**—રા. રા. જગન્નાથ મુલાબરામ, **નડિઆદ**—રા. રા. ગોવરધનદાસ મોનજી, **મુંબાઇ** રા. રા. ભોળાનાથ કાળિદાસ, **નેત્રા**—રા. રા. વશરામ કરસનજી, **જામનગર**.

૪ રા. રા. કેશવલાલ હરખલાલ મારફત —રા. રા. ઉમર હાસમ— રા. રા. કેશવલાલ—રા. રા. માણેકલાલ પ્રભુદાસ— **નાગેશ્રી**.

માધવાચાર્ય કૃત.

☞ શંકર દિગ્વિજય. ☜

આ ઉત્તમ ગ્રંથનું મૂળ શ્લોક સહિત ભાષાંતર અમારી તરફથી થોડી મુદતમાં બહાર પડશે. એ પુસ્તક કેટલું બધું ઉપયોગી અને અભ્યાસ કરવા જોગ છે, તે અજાણ્યું નથી. કિંમત અવલથી રાખનાર પાસેથી દર પ્રતના ત્રણ રૂપિઆ. પોસ્ટેજ છ આના. પાછળથી રાખનારને રૂ ૪-૬-૦ વધારે વિગત માટે જુઓ હેન્ડબીલ.

પુરૂષોતમ કહાનજી ગાંધી-લીંબડી.

જાહેર ખબર.

"સુબોધ પ્રકાશ" ઓફિસમાં વેચાતાં ચોપડી-ચોપાન્યાં.

સુબોધ પ્રકાશ. દર વરસે પોસ્ટેજ સાથે લવાજમ.૦-૮-૦

માસિક સાર સંગ્રહ........................... ૧-૦-૦

કવિતા વિલાસ.......................... ૦-૧૧-૦

કંજુશના કર્મની કહાણીઓ. પોસ્ટેજ સાથે કિંમત ૦-૬-૬

સ્વાભાવિક ધર્મ.......................... ૦-૧૦-૬

ચતુરસિંહ પ્રવાસ આવૃતિ બીજી સુધારા વધારા સાથે.૧-૯-૦

દલપત સતશહી..............................૦-૭-૬

હસાહસ ભાગ ૧લો..............................૦-૭-૦

મુંબાઇ ઈલાકાની ભૂગોળ વિદ્યા..................૦-૨-૬

ભરતખંડની ભૂગોળ વિદ્યા......................૦-૩-૦

ગુજરાતી વેહેમ પ્રથમ ભાગ......................૦-૨-૦

માસિક સાર સંગ્રહ પુસ્તક પહેલું...............૧-૦-૦

શિવગિતા ભાષાંતર.......................... ૧-૧-૦

કાવ્ય કૌસ્તુભ ભાગ ૨જો...................... ૧-૫-૬

ગુજરાત રાજસ્થાન.......................... ૮-૮-૦

મુલતવી રાખવાનાં માઠાં ફળ.....................૦-૧૩-૦

ઉદ્યોગથી ફાયદા અને આળસથી નુકશાન......૦-૬-૬

બાળ કેળવણી રીતી..........................૦-૧૦-૬

!!! હસાહસ !!!

આ પુસ્તકનો બીજો ભાગ થોડી મુદતમાં બહાર પડશે. કિંમત પોસ્ટેજ સાથે દર પ્રતના સાડા પાંચ આના.

ચતુરસિંહ પ્રવાસ.

આવૃત્તિ બીજી, સુધારા વધારા સાથે.

અમારા તરફથી બહાર પડેલછે, મુસાફરીથી લાભ દર્શાવનારી આ વારતામાં બીજું ઘણું ઘણું વાંચવા જોગ વર્ણન છે પોસ્ટેજ સાથે દર પ્રતના એક રૂપિઓ નવ આના.

કંજુસના કર્મની કહાણીઓ.

એ પુસ્તકનો પ્રથમ ભાગ તૈયાર છે, પ્રખ્યાત કંજુસોની હસવા સરખી કંજુસાઈનું રસીલી ભાષામાં વર્ણન આપ્યું છે. દર પ્રતના પોસ્ટેજ સાથે સાડા છ આના.

દલપત સતશાહી.

રચનાર કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ. સી૦ આઇ૦ ઇ૦ આ પુસ્તકની જુજ નકલો બાકીછે. દર પ્રતના સાડા સાત આના.

પુરૂષોત્તમ કાહાનજી ગાંધી.